dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue- 174 | AD-2026, Chaitra Sud - 14 | Wednesday, Dt. 01-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અકસ્માત અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી

# બિહારના નાલંદા જિલ્લામાં શીતળાષ્ટમીના મેળામાં નાસભાગ : ૯ના મોત

નાલંદા,તા.૩૧

બિહારના નાલંદા જિલ્લાના મઘડા ખાતે મંગળવારે સવારે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. અહીં આવેલા પ્રખ્યાત માતા શીતળાષ્ટમી મંદિરમાં અચાનક મચેલી ભાગદોડના કારણે કુલ ૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ચૈત્ર મહિનાના આ પવિત્ર છેલ્લા મંગળવારે શીતળા અષ્ટમીનો વિશેષ તહેવાર હોવાથી મંદિરમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી હતી. દર્શન કરવાની ઉતાવળ અને ભક્તો વચ્ચે લાગેલી હોડના કારણે અચાનક ધક્કામુક્કી શરૂ થઈ ગઈ હતી. આ અફરાતફરી અને નાસભાગના માહોલમાં અસંખ્ય લોકો નીચે પડી ગયા હતા અને ભીડમાં કચડાઈ ગયા હતા. આ ગંભીર દુર્ઘટનામાં ૮ મહિલાઓના ઘટનાસ્થળે જ કચડાઈ જવાથી કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા એક પુરૂષે પાછળથી હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. આ દુર્ઘટનામાં અન્ય મોટી સંખ્યામાં લોકો પણ ઘાયલ થયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.ઘટનાસ્થળે હાજર રહેલા પ્રત્યક્ષદર્શીઓ અને સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આટલી મોટી ભીડને કાબૂમાં લેવા માટે વહીવટી તંત્ર દ્વારા કોઈ જ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ચૈત્ર માસના છેલ્લા મંગળવાર નિમિત્તે અહીં દર વર્ષે વિશાળ મેળો ભરાય છે અને પટના તેમજ તેની આસપાસના વિસ્તારોમાંથી હજારો શ્રદ્ધાળુઓ અહીં દર્શન માટે આવે છે. શ્રદ્ધાળુઓએ જણાવ્યું હતું કે મંદિરનું ગર્ભગૃહ ખૂબ જ નાનું



છે અને લોકો લાઈનમાં ઊભા રહીને ધીરજપૂર્વક પૂજા કરવાને બદલે ઝડપથી દર્શન કરવા માટે એકબીજાથી આગળ નીકળવાનો અંધાધૂંધ પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે આટલી મોટી માનવમેદની એકઠી થઈ હતી ત્યારે ભીડને યોગ્ય દિશા આપવા કે શિસ્તબદ્ધ લાઈનો બનાવવા માટે કોઈ પોલીસ જવાન કે સુરક્ષાકર્મી ત્યાં હાજર નહોતો.વહીવટી તંત્રની ઉદાસીનતાની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળી જ્યારે એ જ દિવસે રાષ્ટ્રપતિ નાલંદા યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપવાના હતા. ભીડમાં અચાનક એક મહિલા ભક્તને ચક્કર આવી જતાં તે જમીન પર પડી ગઈ હતી અને જ્યારે લોકો તેને સંભાળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા જોરદાર ધક્કાના કારણે નાસભાગ મચી ગઈ હતી. અકસ્માત બાદ બચાવ કાર્યમાં પણ ભારે વિલંબ થયો હોવાના આક્ષેપો થયા છે. પ્રત્યક્ષ દર્શીઓના જણાવ્યા મુજબ ભાગદોડ મચી ગયા બાદ જ્યારે અનેક મહિલાઓ બેભાન હાલતમાં કણસી રહી હતી, ત્યારે સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલન્સને ફોન કર્યા હતા. પરંતુ ઘટનાના લગભગ ૪૦ મિનિટ પછી પહેલી એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી શકી હતી.

આ અકસ્માત અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે અને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મૃતકોના પરિવારોને ૨ લાખ રૂપિયા તેમજ ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. બિહાર સરકારે પણ મૃતકોના આશ્રિતોને ૬ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીએ આ સમગ્ર મામલે મુખ્ય સચિવને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે, જ્યારે સ્થાનિક દીપનગર પોલીસ સ્ટેશનના એસએચઓ રાજમણિને ફરજમાં બેદરકારી દાખવવા બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

# દેશમાં એલપીજીની અછતને લઈ અનેક રાજયમાંથી શ્રમિકોનું વતન તરફ પ્રયાણ

નવી દિલ્હી, તા.૩૧

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે ભારતના ઘણા રાજ્યોમાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ વૈશ્વિક તણાવના કારણે સર્જાયેલી એલપીજી કટોકટીએ દેશના મોટા ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોના રોજિંદા જીવન બંનેને ખરાબ રીતે ખોરવી નાખ્યા છે. રાજસ્થાનમાં વાણિજ્યક એલપીજીની ભારે અછત સર્જાઈ છે, જેના કારણે કાપડ, માર્બલ અને કેમિકલની મોટી ફેક્ટરીઓ પણ બંધ થઈ રહી છે. આ કપરી





પરિસ્થિતિના લીધે હજારો ગરીબ કામદારો બેરોજગાર થઈને પોતાના વતન પાછા ફરવા મજબૂર બન્યા છે. ગુજરાતના સુરતમાં પણ ગેસની તીવ્ર અછતના કારણે સ્થળાંતરિત કામદારોનું મોટા પાયે પલાયન શરૂ થયું છે. શ્રમિકોનું કહેવું છે કે જ્યારે રસોઈ બનાવવી જ મુશ્કેલ બની ગઈ હોય ત્યારે આ મોંઘા શહેરમાં રહેવાનો કોઈ અર્થ નથી. સરકારના હકારાત્મક દાવાઓ છતાં પણ જમીની સ્તરે પરિસ્થિતિ અત્યંત ભયાનક અને ચિંતાજનક દેખાઈ રહી છે. સિરામિક્સ અને માર્બલ જેવી કંપનીઓને વાણિજ્યક એલપીજી સપ્લાય ન મળતા આખી પુરવઠા શૃંખલા તૂટી ગઈ છે. કારખાનાઓ બંધ થવાથી કોરોના કાળ જેવી ભયાનક પરિસ્થિતિનો ડર ઊભો થયો છે. રેલવે સ્ટેશનો પર બિહાર અને ઉત્તર પ્રદેશ તરફ પાછા ફરતા મજૂરોની ભારે ભીડ અને અફરાતફરી જોવા મળી રહી છે, જે આ ગંભીર આર્થિક કટોકટીની સાક્ષી પૂરે છે.

# હોર્મુઝની સમુદ્રધુની ખોલ્યા વગર જ યુધ્ધનો અંત લાવવા અમેરિકાની તૈયારી

વોશિંગ્ટન,તા.૩૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથેના ચાલી રહેલા સંઘર્ષને વહેલી તકે સમેટવા માટે એક નવી અને ગંભીર વ્યુહરચના પર વિચાર કરી રહ્યા છે. 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, ટ્રમ્પ પ્રશાસન વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની એવી હોર્મુઝની સમુદ્રધુનીને સંપૂર્ણપણે ખોલાવ્યા વગર જ આ યુદ્ધનો અંત લાવવા માટે તૈયાર છે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ અમેરિકાને લાંબા સમય સુધી ચાલનારા પ્રાદેશિક જંગમાં




ફસાતું અટકાવવાનો હોવાનું મનાય છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ અને તેમના સલાહકારો માને છે કે જો હોર્મુઝની સમુદ્રધુનીને બળજબરીથી ફરીથી ખોલવાનો પ્રયાસ કરવામાં આવે, તો આ સંઘર્ષ વ્હાઈટ હાઉસની ધારણા મુજબના ચારથી છ અઠવાડિયાના સમયગાળા કરતા ઘણો લાંબો ખેંચાઈ શકે છે. આથી હવે અમેરિકાએ પોતાની પ્રાથમિકતા બદલી છે. હવે તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનની નૌકાદળની ક્ષમતાઓને નબળી પાડવી અને તેમના મિસાઈલ ભંડારમાં ધરખમ ઘટાડો કરવાનો છે. લશ્કરી કાર્યવાહીમાં ઘટાડો કર્યા બાદ, વોશિંગ્ટન આ મહત્વપૂર્ણ શિપિંગ રૂટ પર વેપાર પુનઃસ્થાપિત કરવા માટે ઈરાન પર રાજદ્વારી દબાણ વધારવાની યોજના ધરાવે છે. આ તબક્કે અમેરિકા ઈચ્છે છે કે યુરોપિયન દેશો અને ગલ્ફ સાથી રાષ્ટ્રો સ્થિતિને સ્થિર કરવામાં અગ્રણી ભૂમિકા ભજવે. અમેરિકા આ દેશોને વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ ટ્રાન્ઝિટ પોઈન્ટને ફરીથી કાર્યરત કરવા માટે ઈરાન સાથે વાતચીત કરવા પ્રોત્સાહિત કરી શકે છે.

### દક્ષિણ કોરીયામાં ઉર્જા વપરાશ ઘટાડવા સાયકલનો ઉપયોગ કરવા સરકારનો અનુરોધ

# ઈંધણની કટોકટીને લઈ એશિયન દેશોમાં લોકડાઉન જેવી સ્થિતિ

મુંબઈ,તા.૩૧

ઈરાન સાથેના સંઘર્ષને કારણે તેલ અને ગેસના પુરવઠામાં થયેલા ઘટાડાના લીધે ઘણા એશિયન દેશોમાં ગંભીર ઈંધણ સંકટ નિર્માણ થયું છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ઘણા દેશોમાં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન જોવા મળેલા લોકડાઉન જેવો માહોલ ઊભો થયો છે. સરકારો ઈંધણ બચાવવા અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે વિવિધ કડક પગલાં લઈ રહી છે.ફિલિપાઈન્સે આ પરિસ્થિતિને



કારણે હવે રાષ્ટ્રીય ઉર્જા કટોકટી જાહેર કરી છે, જેને દેશમાં અત્યાર સુધી લેવાયેલા સૌથી કડક પગલા તરીકે વર્ણવવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે ઈંધણ કટોકટીની ગંભીરતા અંગે જાહેર ચેતવણી આપી છે. અહેવાલો અનુસાર ફિલિપાઈન્સમાં હાલમાં ફક્ત ૪૦ થી ૪૫ દિવસ માટે પૂરતો ઈંધણ ભંડાર બચ્યો છે. ત્યાં કામના કલાકો ઘટાડવા અને મુસાફરી પર પ્રતિબંધો લાદવા જેવા પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે અને ખોરાક, બળતણ તેમજ દવાઓ સહિત આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.બીજી તરફ ભારતના પાડોશી દેશ પાકિસ્તાનમાં પરિસ્થિતિ સતત બગડી રહી છે અને ત્યાં 'સ્માર્ટ લોકડાઉન'ની વિચારણા થઈ રહી છે. વડા પ્રધાન શેહબાઝ શરીફ બળતણ બચાવવાના પ્રયાસમાં સપ્તાહના અંતે શનિવાર અને રવિવારે આ લોકડાઉન લાગુ કરી શકે છે. આ માળખામાં 'વર્ક ફ્રોમ હોમ' નીતિઓ અપનાવવા, શાળાઓ બંધ કરવા અને મુસાફરી પર પ્રતિબંધો લાદવા જેવા પગલાં સામેલ છે. દક્ષિણ કોરિયાએ નાગરિકોને ઉર્જા વપરાશ ઘટાડવા જનજાગૃતિ ઝુંબેશ શરૂ કરી છે, જેમાં વીજળીનો વપરાશ ઘટાડવા અને સાયકલ કે જાહેર પરિવહનનો ઉપયોગ કરવા પ્રોત્સાહન અપાય છે. જ્યારે થાઈલેન્ડે પણ 'વર્ક ફ્રોમ હોમ' અને મુસાફરી પર પ્રતિબંધો લાદ્યા છે. શ્રીલંકાએ ઈંધણ બચાવવા ચાર દિવસનું કાર્ય સપ્તાહ અમલી બનાવ્યું છે.

# પ.બંગાળથી દિલ્હી જઈ રહેલુ એર ઈન્ડીયાની ફલાઈટનું લખનઉમાં ઈમરજન્સી લેન્ડિંગ

નવી દિલ્હી,તા.૩૧

પશ્ચિમ બંગાળના બાગડોગરાથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટનું સોમવારે સાંજે લખનઉમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. જ્યારે આ વિમાન ઉત્તર પ્રદેશના આંબેડકરનગર ઉપર આશરે ૩૬ હજાર ફૂટની ઊંચાઈ પર ઊડી રહ્યું હતું, ત્યારે પાયલટની કેબિનમાં અચાનક ધુમાડો જોવા મળ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને પાયલટે તાત્કાલિક લખનઉ એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક કરીને મેડે કોલ કર્યો હતો. વિમાનમાં સવાર તમામ મુસાફરોને સાવચેતીના ભાગરૂપે ઓક્સિજન માસ્ક




આપવામાં આવ્યા હતા. લખનઉ એરપોર્ટ પરથી મંજૂરી મળ્યા બાદ સાંજે ૫:૧૭ વાગ્યે વિમાનનું સુરક્ષિત રીતે લેન્ડિંગ કરાયું હતું. આ ફ્લાઈટમાં સવાર તમામ ૧૪૮ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સંપૂર્ણપણે સુરક્ષિત છે. કેટલાક મુસાફરોને અન્ય ફ્લાઈટ દ્વારા દિલ્હી મોકલવામાં આવ્યા હતા, જ્યારે બાકીના મુસાફરો માટે હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.





# ઈરાન સ્ટેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ ટેક્સ વસુલશે

તહેરાન,તા.૩૧



ઈરાને હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ)માંથી પસાર થતા જહાજો પર પોતાની રાષ્ટ્રીય કરન્સી રિયાલમાં ટોલ ટેક્સ વસૂલવાનો નિર્ણય કર્યો છે, જેને ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિએ લીલી ઝંડી આપી દીધી છે. આ પ્રસ્તાવમાં અમેરિકા અને ઈઝરાયેલ સાથે જોડાયેલા જહાજોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની પણ જોગવાઈ છે. જોકે, આ પ્રસ્તાવ હજુ સંપૂર્ણ કાયદો બન્યો નથી કારણ કે તેના પર ગાર્ડિયન કાઉન્સિલ અને રાષ્ટ્રપતિની મંજૂરી બાકી છે. આ વ્યૂહાત્મક માર્ગ પરના કોઈપણ નિયંત્રણથી વૈશ્વિક ઊર્જા પુરવઠા પર ગંભીર અસર પડી શકે છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

બુધવાર, તા.૦૧-૦૪-૨૦૨૬

### મામલતદાર કચેરીના કરાર આધારિત કર્મચારીએ રૂા.૩૮૦૦૦ પડાવ્યા બાદ ખોટા સહી-સિક્કા કરી આપ્યા હતા

# વડીયાના ભૂખલી સાંથળી ગામના ખેડૂત સાથે છેતરપીંડી

**ખેડૂતે ૨૦ દિવસ પહેલા પોલીસ ફરિયાદ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી નહી**

અમરેલી,તા.૩૧

વડિયાના ભૂખલી સાંથળી ગામે રહેતા ખેડૂત જાદવ રવજીભાઈ દેવાભાઈ સાથે જમીનના મૂળ હુકમના કાગળો કઢાવવાના બહાને છેતરપિંડી થઈ હોવાની ગંભીર ઘટના સામે આવી છે. ખેડૂતે જ્યારે પોતાના દસ્તાવેજો માટે મામલતદાર કચેરીમાં કરાર આધારિત નોકરી કરતા કર્મચારીનો સંપર્ક કર્યો, ત્યારે તેણે ઊંચી ઓળખાણ હોવાનો દાવો કરી ખર્ચ પેટે રૂ. ૩૮,૦૦૦ પડાવ્યા હતા. કરાર આધારિત કર્મચારીએ ગત ૧૭ જાન્યુઆરીના રોજ ખેડૂતને ફાઈલ પરત કરી હતી. પરંતુ આ ફાઈલના કાગળો પર ક્યાંય મામલતદારના સહી-સિક્કા ન હોવાથી રવજીભાઈએ પૃચ્છા કરતા કરાર આધારિત કર્મચારીએ ઓફિસમાં વધુ રૂ. ૧૫,૦૦૦ નો વહીવટ કરવો પડશે તેમ જણાવ્યું હતું.આ સમગ્ર મામલે શંકા જતાં ખેડૂત રવજીભાઈ જાદવ ગત ૨૭ ફેબ્રુઆરીના રોજ મામલતદાર સમક્ષ રૂબરૂ જઈ અને આ બાબતે રજૂઆત કરી હતી. મામલતદારે ખેડૂતની ફાઈલની ચકાસણી કરતા તે ડમી હોવાનું માલૂમ પડ્યું હતું જેથી તાત્કાલિક તે ફાઈલ જપ્ત કરી લીધી હતી. સરકારી કચેરીના જવાબદાર અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે આ નકલો પર કરવામાં આવેલા સિક્કા અને સહીઓ આ કચેરીના કોઈ અધિકૃત વ્યક્તિના નથી. આ સાથે જ મામલતદારે ખેડૂતને ચેતવણી આપી હતી કે જો આ ખોટા કાગળોનો ક્યાંય પણ ઉપયોગ કરવામાં આવશે તો ભારતીય ન્યાયસંહિતા ૨૦૨૩ની કલમ ૩૪૦ મુજબ ગુનો બનશે. મામલતદારે આ બાબતે છેતરપિંડી કરનાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવા લેખિત આદેશ આપ્યો હતો. આ આદેશના આધારે ખેડૂત રવજીભાઈએ ૧૧ માર્ચના રોજ વડિયા પોલીસ મથકમાં રવિ ઘેલાભાઈ જાદવ સામે લેખિત અરજી આપી હતી. અરજીમાં સ્પષ્ટ આક્ષેપ કરાયો છે કે કરાર આધારિત કર્મચારીએ સરકારી હોદ્દા અને સિક્કાઓનો દુરુપયોગ કરી છેતરપીંડી આચરી છે. આટલો મોટો આર્થિક ભ્રષ્ટાચાર અને સરકારી સહી-સિક્કાઓના દુરુપયોગનો ગંભીર મામલો હોવા છતાં, અરજી આપ્યાના ૨૦ દિવસ વીતી ગયા પછી પણ વડિયા પોલીસે હજુ સુધી કોઈ કરાર આધારિત કર્મચારી સામે ફરિયાદ દાખલ કરી નથી. પોલીસની આ ઢીલી અને શંકાસ્પદ નીતિને કારણે લોકોમાં ભારે ચર્ચા જાગી છે કે કચેરીના અસલી સિક્કાઓ આવા કેટલાય કોન્ટ્રાક્ટ કર્મચારીઓ પાસે હશે અને હજુ કેટલા નિર્દોષ લોકો તેનો ભોગ બન્યા હશે. જો કલેક્ટર કે ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ બાબતે કડક પગલાં નહીં ભરે તો સરકારી સત્તાનો દુરુપયોગ વધશે અને ભ્રષ્ટાચાર માઝા મૂકશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

**પોલીસની કામગીરી સામે સવાલો**

ભુખલી સાંથળી ગામના ખેડૂત પાસેથી મામલતદાર કચેરીમાં કરાર આધારિત નોકરી કરતા કર્મચારીએ રૂા.૩૮૦૦૦ પડાવ્યા બાદ ફાઈલમાં બોગસ સહી-સિક્કા કરી આપ્યા હોવાનુ મામલતદારને ધ્યાને આવતા પોલીસ ફરિયાદ કરવાનો આદેશ આપ્યો હતો. ખેડૂતે મામલતદારના આદેશ બાદ વડીયા પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે કરાર આધારિત કર્મચારી સામે કડક કાર્યવાહી કરવાને બદલે તેની લાજ કાઢતી હોય તેવુ લાગી રહ્યુ છે. તાલુકા મેજિસ્ટ્રેટની સુચના હોવા છતાં પોલીસ કર્મચારીને છાવરી રહી છે. જેથી આ સમગ્ર બનાવમાં પોલીસની કામગીરી પણ શંકાના દાયરામાં આવી છે.

# બ્રહ્માકુમારીઝ જેસીંગપરા અમરેલી દ્વારા ૩૩૦ વડીલોનું બહેનોના હસ્તે સન્માન કરાયું

અમરેલી,તા.૩૧



બ્રહ્માકુમારીઝ જેસીંગપરા અમરેલી ખાતે શ્રીમદ ભગવત ગીતા જ્ઞાન સપ્તાહના ત્રીજા દિવસે વાતાવરણ આધ્યાત્મિક ઊર્જા અને દિવ્ય અનુભૂતિથી ભરપૂર રહ્યું હતું. જેસીંગપરા નીલકંઠ ચોક ખાતે યોજાયેલી કથાના ત્રીજા દિવસે ૩૩૦ વડીલોનું "વડીલ વંદના" અંતર્ગત ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. ઈશ્વર પિતાની સ્મૃતિમાં બ્રહ્માકુમારી બહેનોના હસ્તે વડીલોને ખેસ પહેરાવી, ચંદનનું તિલક લગાવી તથા ગુણોની ગુલાબવર્ષા કરી શુભ આશીર્વાદ સાથે સન્માનિત કરાયા હતા.

# અમરેલી નાગરિક સહકારી બેન્કે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂા.૨.૪૩ કરોડનો નફો કર્યો

અમરેલી,તા.૩૧

અમરેલી નાગરિક સહકારી બેંકે વર્ષ ૨૦૨૫-૨૬ માં શાનદાર પ્રદર્શન કરીને બેંકિંગ ક્ષેત્રે ઉત્તમ ગ્રાહકલક્ષી સેવાઓ પૂરી પાડી છે. બેંકની થાપણો તારીખ ૩૧ માર્ચ ૨૦૨૫ ના રોજ ૧૯૧.૦૫ કરોડ રૂપિયા હતી , જે વધીને તારીખ ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ ૨૧૪.૦૧ કરોડ રૂપિયા થઈ છે. આમ થાપણોમાં ૨૨.૯૬ કરોડ રૂપિયાનો મોટો વધારો નોંધાયો છે. તેવી જ રીતે બેંકનું ધિરાણ પણ ૧૦૮.૦૩ કરોડ રૂપિયાથી વધીને ૧૨૩.૮૬ કરોડ રૂપિયા થયું છે. ચાલુ વર્ષે બેંકે ૨.૪૩ કરોડ રૂપિયાનો શાનદાર ગ્રોસ નફો પણ મેળવ્યો છે. ગ્રાહકોની સુરક્ષા માટે બેંકે ઓનલાઈન છેતરપિંડીથી બચવા ખાતું ફ્રીજ કરવાની અદભુત વ્યવસ્થા કરી છે. વળી બેંકની રિકવરી ટીમે સતત ૨૪ માં વર્ષે પણ નેટ એનપીએ શૂન્ય ટકા જાળવી રાખીને ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કર્યો છે.

# બાબરા ખેતી મંડળીના સભાસદોને ૨૦ વર્ષ બાદ જમીનનો વાસ્તવિક કબજો મળ્યો

બાબરા, તા.૩૧



બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે બાબરા તાલુકા અનુજાતી સામુદાયિક ખેતી સહકારી મંડળીના આશરે ૧૬ સભાસદોને ૨૦૦૬માં ૧૦-૧૦ વિઘા જમીનના દસ્તાવેજ આપવામાં આવ્યા હતા, પરંતુ તેમને વાસ્તવિક કબજો મળ્યો ન હતો. તે સમયે માત્ર સ્થળ બતાવી ખાતા પાડવામાં આવ્યા નહોતા, જેના કારણે સભાસદો ૨૦ વર્ષ સુધી ખેતીથી વંચિત રહ્યા.આ મુદ્દે નિવૃત એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ પી.એલ. મારૂ સહિતના આગેવાનોની દખલ બાદ સ્થળ પર માપણી કરવામાં આવી અને સભાસદોને જમીન ફાળવણી કરવામાં આવી.મંડળી પાસે ૬૦૦૦ વિઘાથી વધુ જમીન હોવા છતાં અનેક ખેતરો બિન ઉપયોગી છે. ૩૦૦ જેટલા સભાસદોના નામ કાપવાના આરોપો વચ્ચે કેસ ગાંધીનગરમાં અપીલ હેઠળ છે.

# બગસરાના કરોડોના ખર્ચે તૈયાર થયેલા આઈકોનિક રોડ પર અંધારપટ

બગસરા, તા.૩૧



તસવીર : હાર્દિક બામટા

બગસરામાં સ્વામિનારાયણ મંદિરથી બાયપાસ રોડ સુધી રાજ્ય સરકાર દ્વારા કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલો આઈકોનિક રોડ છેલ્લા કેટલાય દિવસોથી અંધારપટમાં ગરકાવ થઈ ગયો છે. આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જતા નગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. સ્થાનિક લોકો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં નિર્ભર તંત્ર દ્વારા રિપેરિંગ કામગીરી પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી, જેને લીધે શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ આઈકોનિક રોડ પર રાત્રિના સમયે મોટી સંખ્યામાં વૃદ્ધો, બાળકો અને મહિલાઓ સમય પસાર કરવા તેમજ પગપાળા ચાલવા માટે આવતા હોય છે. પરંતુ અંધારપટ છવાઈ જવાથી અસલામતીના ડરને કારણે મહિલાઓએ આ રસ્તા પર આવવાનું ટાળ્યું છે. બીજી તરફ, અંધારાનો લાભ લઈને અસામાજિક તત્વો અને દારૂની લત ધરાવતા લોકો આ સ્થળ પર પોતાનો કબજો જમાવવાના પ્રયત્નો કરી રહ્યા હોવાની વિગતો પણ સામે આવી છે. જો તાત્કાલિક લાઈટો શરૂ નહીં થાય તો રસ્તા પર લાગેલી કિંમતી વસ્તુઓને નુકસાન પહોંચવાની પણ શક્યતા સેવાઈ રહી છે. નોંધનીય બાબત એ છે કે આ સ્ટ્રીટ લાઈટો હજુ વોરંટી પિરિયડમાં હોવાથી તેને રિપેર કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની છે. તેમ છતાં, નગરપાલિકા તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટર પાસે કેમ આ કામગીરી કરાવવામાં આવતી નથી, તે બાબતે લોકોમાં અનેક શંકાઓ ઉપજી રહી છે. સ્થાનિકોની ઉગ્ર માંગ છે કે જનતાની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે આ સ્ટ્રીટ લાઈટો રિપેર કરવામાં આવે.

# સાવરકુંડલામાં ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી કરાઈ

સાવરકુંડલા, તા.૩૧



તસવીર : સૌરભ દોશી


સાવરકુંડલા જૈન સંઘ દ્વારા ભગવાન મહાવીર સ્વામીના પવિત્ર જન્મ કલ્યાણકની ભવ્ય અને હર્ષોલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર જૈન સમાજમાં અપાર ભક્તિભાવ અને ધાર્મિક ઉત્સાહ જોવા મળ્યો હતો. આ શુભ અવસરે યુવાનોની ટુકડીએ ભગવાન મહાવીરનો રથ જાતે ખેંચીને પોતાની અતૂટ શ્રદ્ધા, સમર્પણ અને ભક્તિનું અનુપમ દર્શન કરાવ્યું હતું. યુવાનોના આ ઉત્સાહી પગલાએ સમગ્ર સમાજને પ્રેરણા પૂરી પાડી હતી. સાવરકુંડલા જૈન સંઘના આયોજન હેઠળ એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં સંઘના તમામ વર્ગના સદસ્યો – બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલોએ મોટી સંખ્યામાં હાજર રહીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રથયાત્રા દરમિયાન ભજન-કીર્તન અને સ્તવન દ્વારા સમગ્ર વાતાવરણ ધાર્મિક બની રહ્યું હતું.

# અમરેલીમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો


અમરેલી, તા.૩૧



અમરેલીમાં સરકાર દ્વારા અનુસૂચિત જાતિ સમાજની વાર્ષિક આવક મર્યાદા વધારવા બદલ ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારિતા તેમ જ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાનું વાલ્મિકી સમાજ શિક્ષણ સંગઠન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે સંગઠનના અમરેલી જિલ્લા પ્રમુખ પંકજભાઈ વાળા, ઉપપ્રમુખ ભાવેશભાઈ વાળોદરા, જીગરભાઈ ચૌહાણ, જાફરાબાદ શહેર ભાજપ ઉપપ્રમુખ અને જાફરાબાદ શહેર અને કુંકાવાવ તાલુકા પ્રમુખ સચિન ગોહેલ, અમરેલી શહેર ટીમ પ્રમુખ લાલજી ચાવડા, મહામંત્રી ખનેશભાઈ ગોહેલ, અશ્વિન ચૌહાણ, ધારી તાલુકા પ્રમુખ દિપક સોલંકી, કેતન ચાવડા, સચિન ચાવડા, રવિ ચાવડા સહિત સંગઠનના હોદેદારો અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુની પાંચ ઘટના : ત્રાકુડા ગામે કેરોસીનનું ડબલું મુકતી વેળાએ મહિલાને કાળ ભેટ્યો

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લામાં અપમૃત્યુની પાંચ વિવિધ ઘટના બની હતી. જેમાં એક મહિલા અને ચાર પુરુષના મોત થયા હતા. ખાંભાના ત્રાકુડા ગામે રહેતા વિનોદભાઈ કાબાભાઈ કલસરીયા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, જયાબેન કાબાભાઈ કલસરીયા (ઉ.વ.૪૬) કેરોસીનનું ડબલું માળીયામા મુકવા જતા અચાનક નીચે ચુલામાં પડતાં ભડકો થવાથી શરીરે દાઝી ગયા હતા. જેથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા. બીજા બનામાં મુળ વડિયાના રામપુરના અને હાલ રાજકોટના કોઠારીયા ગામે રહેતા પ્રકાશભાઈ અમરૂભાઈ કોટીલા (ઉ.વ.૩૬) એ જાહેર કર્યા પ્રમાણે, ચંદ્રેશભાઈ શાંતુભાઈ કોટીલા (ઉ.વ.૧૮)નું પાણીમાં ડૂબી જતા મૃત્યુ થયું હતું. અપમૃત્યુનો ત્રીજો બનાવ બગસરાના નવા વાઘણીયા ગામે બન્યો હતો. મધુભાઈ કરશનભાઈ રાંક (ઉ.વ.૭૨)એ જાહેર કર્યા પ્રમાણે, દિપકભાઈ મધુભાઈ રાંક (ઉ.વ.૪૧)ને છેલ્લા આઠેક વર્ષથી કેન્સરની બિમારી હતી. તેને છેલ્લા ઘણા સમયથી કેફીપીણાનું વ્યસન હતું. જેનાથી કંટાળી જઈ કોઈ ઝેરી દવા પી જતા મરણ પામ્યા હતા. અપમૃત્યુના ચોથા બનાવમાં બાબરાના નાની કુંડળ ગામે રહેતા અશોકભાઈ રાઘવભાઈ મેર (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા પ્રમાણે, અનિલભાઈ જેસાભાઈ મેર (ઉ.વ.૩૫) લીંમડાના ઝાડની ડાળી મશીનથી કાપતા હોય તે અચાનક ડાળી કપાઈને માથે પડતા નીચે દબાઈ જવાથી મરણ પામ્યા હતા. પાંચમા બનાવમાં રાજુલાના વાવેરા ગામે રહેતા ભરતભાઈ વલકુભાઈ ધાખડા (ઉ.વ.૪૬) એ જાહેર કર્યા પ્રમાણે, કેશુભાઈ વલકુભાઈ ધાખડા (ઉ.વ.૪૮) ના મોટર સાયકલ આડે ઓચીંતુ રોજડું (નીલગાય) આડું પડતા મોટર સાયકલ સ્લીપ થઈ ગઈ હતી. જેથી માથામાં ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.

# બગસરા નગરપાલિકામાં થયેલા ભ્રષ્ટાચાર મામલે અધિકારીઓ અને પદાધિકારીઓને તંત્રની નોટિસ

બગસરા,તા.૩૧




બગસરાના રહેવાસી દિનેશભાઈ હડિયલે બગસરા નગરપાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ, લોકાપર્ણ, ખાતમૂહર્તના નામે બોગસ બીલ, વાઉચર બનાવીને સરકારી તિજોરીને મોટા પ્રમાણમાં નુકસાન કરીને ભ્ષ્ટાચાર આચરેલ હોવાની લેખિતમાં રજૂઆત પ્રાદેશિક કમિશનર-નગરપાલિકાઓ ભાવનગરને કરી હતી. આ રજૂઆતના પગલે પ્રાદેશિક કમિશનર કચેરી દ્વારા ઉપલબ્ધ રેકર્ડ પરથી ચકાસણી કરતાં નગરપાલિકા કક્ષાએ થયેલી વિવિધ પ્રકારની ક્ષતિઓ જણાઈ હતી. આ ક્ષતિઓ અંગેની જાણ કચેરી દ્વારા દિનેશભાઈને પત્ર દ્વારા કરવામાં આવી હતી. જેમાં જણાવ્યું હતુ કે, નગરપાલિકા દ્વારા થયેલા કેટલાક ખર્ચમાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૬૭(૧) તેમજ ૬૭(૨) ની જોગવાઈઓનું પાલન થયેલ જણાતું નથી, જે ક્ષતિ જણાય છે. આ માટે જેતે શાખાના જવાબદાર કર્મચારી, ચીફ ઓફિસર તેમજ ભાવ મંજુર કોઈ પદાધિકારીએ કરેલ હોય તે પદાધિકારી જવાબદાર જણાય છે. આ ક્ષતિઓ માટે જવાબદાર તત્કાલીન કર્મચારી, ચીફ ઓફિસર, પદાધિકારીઓની વિગતો મેળવી નોટીસ પાઠવી ખુલાસા મેળવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# ચલાલા ખાતે તા. ૮ના રોજ સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ચલાલા,તા.૩૧

ચલાલામાં વિવિધ સેવાકીય કર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ખાતે તા.૦૮ને બુધવારના રોજ ૨૮૯મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. સ્વ. કીર્તિકુમાર ઘી વાલાની યાદમાં, હસ્તે ઈલાબેન, રોમિત અને રાધિકા ઘી વાલા યુ.કે.ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓને તપાસીને દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકો મશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી. દાંત કાઢવા, ચાંદી પૂરવી વગેરેની સારવાર વિના મૂલ્યે કરાશે. સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે.


# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા આવતીકાલથી સેન્સ પ્રક્રિયા યોજાશે

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને મહામંત્રીઓ દ્વારા જિલ્લાના ૧૭ મંડળો પર દાવેદાર કાર્યકરોને સાંભળવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા અંતર્ગત ૬ નગરપાલિકાની ૧૮૪ બઠકો, ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ અને અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોની સેન્સ લેવામાં આવશે.આગામી તારીખ ૦૨ અને ૦૩ એપ્રિલના રોજ પ્રદેશ ભાજપના નિરીક્ષકો ત્રણ અલગ-અલગ જૂથમાં વહેંચાઈને દાવેદારોને સાંભળશે. આ માટે ત્રણ મુખ્ય કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં જૂથ-૦૧ ની પ્રક્રિયા જિલ્લા ભાજપ કાર્યાલય (અમરેલી), જૂથ-૦૨ની ગાંધી ધર્મશાળા (સાવરકુંડલા) અને જૂથ-૦૩ ની પ્રક્રિયા બ્રહ્મ સમાજની વાડી (ધારી) ખાતે યોજાશે. નિરીક્ષકો તરીકે જગદીશભાઈ ભાવસાર, ડૉ. માયાબેન કોડનાની, દિનેશભાઈ અનાવાડીયા, મીનાક્ષીબેન પટેલ, બિજલબેન પટેલ અને પ્રદિપસિંહ રાઠોડ સહિતના વરિષ્ઠ આગેવાનો દાવેદારોની રજૂઆતો સાંભળશે.નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ, બંને દિવસોમાં સવારના ૦૯:૦૦ કલાકથી મોડી સાંજ સુધી અલગ-અલગ તાલુકા અને શહેર મંડળોની સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે. જિલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીના જણાવ્યા અનુસાર, ચૂંટણી લડવા ઈચ્છતા તમામ દાવેદારોએ પક્ષ દ્વારા નિર્ધારિત કરેલા જરૂરી આધાર પુરાવા સાથે કોષ્ટકમાં દર્શાવેલ નિયત સ્થળ અને સમયે ઉપસ્થિત રહેવાનું રહેશે.

# ધારીના અમૃતપુર ગામના ફાર્મ વિસ્તારમાં દીપડાના આંટાફેરા

અમરેલી,તા.૩૧



ધારી તાલુકાના અમૃતપુર ગામના એક ફાર્મ વિસ્તારમાં દીપડાની અવરજવર સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. રાત્રિના સમયે ફાર્મ હાઉસ ખાતે લગાવેલા કેમેરામાં દીપડો નિર્ભય રીતે ફરતો જોવા મળ્યો હતો. ગીર જંગલ નજીક હોવાથી વન્ય પ્રાણીઓની અવરજવર સામાન્ય છે, પરંતુ દીપડાનું ફાર્મ સુધી આવવું ચિંતાજનક છે. આ ઘટનાથી ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. લોકોએ વન વિભાગને જાણ કરી તાત્કાલિક પાંજરું મૂકવા અને યોગ્ય પગલાં લેવાની માંગ કરી છે.

# ધારી પોલીસે વિદેશી દારૂની ૭૪૩ બોટલ સાથે એક શખ્સ ઝડપ્યો

ધારી,તા.૩૧



**દારૂ કયાંથી મંગાવ્યો સહિતના મુદ્દે પોલીસે તપાસ હાથ ધરી**

ધારી પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજાના સક્ષમ માર્ગદર્શન હેઠળ એક મોટી કાર્યવાહી પાર પાડી છે. આ સફળ ઓપરેશન દરમિયાન પોલીસે વિદેશી દારૂની કુલ ૭૪૩ બોટલો સાથે એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ ત્વરિત કાર્યવાહીમાં ગેરકાયદેસર રીતે દારૂનું વેચાણ કરતા આ આરોપીને સ્થળ પરથી જ ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ દરોડા દરમિયાન પોલીસ વિભાગ દ્વારા ખૂબ જ મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, જે સ્થાનિક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે વેચવામાં આવી રહ્યો હતો.

પોલીસે પકડાયેલા આરોપી વિરુધ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ કાયદેસરનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ગેરકાયદેસર નેટવર્ક પાછળ અન્ય કયા લોકો સામેલ છે તે જાણવા માટે પોલીસ દ્વારા હાલ વધુ ઊંડાણપૂર્વકની તપાસ ચાલુ રાખવામાં આવી છે.

# લીલીયા મોટામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ.૧૩ કરોડથી વધુના વિકાસકામોની ભેટ

લીલીયા, તા.૩૧



લીલીયા મોટા તાલુકાના વિકાસમાં વધુ એક મહત્વનું સોપાન ઉમેરાયું છે. સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ભૂમિપૂજનના કાર્યક્રમો યોજાયા હતા, જેમાં કરોડો રૂપિયાના ખર્ચે જન સુવિધાના કામોને મંજૂરી અપાઈ છે. ધારાસભ્ય દ્વારા ઈંગોરાળા અને મેકડાને જોડતા શેત્રુજી નદી પરના બ્રિજનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રૂ.૧૨ કરોડના ખર્ચે તૈયાર થનાર આ બ્રિજ લીલીયા અને સાવરકુંડલા તાલુકા વચ્ચેનું અંતર ઘટાડશે. આ બ્રિજથી વંડાથી ગારીયાધાર તરફ જવું સરળ બનશે અને ખેડૂતોને માલસામાનની હેરફેર કરવામાં બારેમાસ સુવિધા મળશે. પશુપાલકોના હિતમાં લીલીયા મોટા ખાતે રૂ.૪૬ લાખના ખર્ચે તૈયાર થયેલ આધુનિક પશુ દવાખાનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, નાના લીલીયા ખાતે રૂ.૨૫ લાખ અને પૂજાપાદર ખાતે રૂ.૫૪ લાખ મળી કુલ રૂ.૭૯ લાખના ખર્ચે પૂર સંરક્ષણ પાળાના કામોનું પણ ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ સહિતના પદાધિકારીઓ, ઉદ્યોગપતિઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ માતબર રકમના વિકાસકામો મંજૂર થતા સમગ્ર પંથકમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે.

# સાવરકુંડલામાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે ભવ્ય મહોત્સવ યોજાશે

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલામાં શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ દ્વારા તા. ૦૨ એપ્રિલ ૨૦૨૬, ગુરુવારે હનુમાન જન્મોત્સવ નિમિત્તે ભવ્ય મહોત્સવ યોજાશે. પૂજ્ય શ્રી રામસુંદરદાસ બાપુના આશીર્વાદ અને મહંત શ્રી હનુમાનદાસજી બાપુના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાશે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી સાંજે ૫:૩૦ થી ૮:૦૦ વાગ્યા સુધી નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાશે, જેમાં નિષ્ણાત ડૉક્ટરો સેવા આપશે. સાથે રક્તદાન, નેત્રદાન અને દેહદાન માટે સંકલ્પ લેવાશે. સાંજે યજ્ઞ અને રાત્રે લોકડાયરો યોજાશે, જેમાં જાણીતા કલાકારો ભક્તિરસ પથરાવશે. ભક્તો માટે મહાપ્રસાદ અને માટીના કુંડાનું વિતરણ પણ થશે.










**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 56/2026

પ્રતિ,
રાણપરિયા પુનિત રતિલાલ,
રહે.ભાખા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
વકીલશ્રી આર.એન.ગરનારા, ગીરગઢડા ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ભાખા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ભાખા ગામના રહીશ પુનિત રતીલાલ રાણપરિયા તથા સપનાબેન પુનિત રાણપરિયાના પુત્રી હશ્તી પુનિત રાણપરિયાનો જન્મ તારીખ.25/02/2022ના રોજ ગીરગઢડા તાલુકાના ભાખા ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ભાખા તાલુકો-ગીરગઢડા સને-2022 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૪/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૩/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

સહી
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ.નં. 57/2026

પ્રતિ,
ગોપાલભાઈ કરશનભાઈ ગઢીયા,
રહે.કાણકિયા, તા. ગીરગઢડા, જિ. ગીરસોમનાથ
વકીલશ્રી આર.એન.ગરનારા, ગીરગઢડા ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કાણકિયા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના કાણકિયા ગામના રહીશ ગોપાલભાઈ કરશનભાઈ ગઢિયા તથા ચંદ્રીકાબેન ગોપાલભાઈ ગઢિયાના પુત્રી વસુધાબેન ગોપાલભાઈ ગઢિયાનો જન્મ તારીખ.17/01/2000ના રોજ ગીરગઢડા તાલુકાના કાણકિયા ગામ ખાતે થયેલ છે, જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, કાણકિયા તાલુકો-ગીરગઢડા સને-2000 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૪/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૩/૨૦૨૬નાં રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

સહી
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.21/2026
મરણ તારીખ : 04/06/1989

શ્રી કાળીબેન રાજાભાઈ રાઠોડ,
રહે.સરસ્વતી સોસાયટી, કોડીનાર, ગામ - કોડીનાર,
તાલુકો - કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તાલુકો - કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી કાળીબેન રાજાભાઈ રાઠોડ, રહે.સરસ્વતી સોસાયટી, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પતિ સ્વ. રાજાભાઈ હમીરભાઈ રાઠોડનું મરણ તારીખ.04/06/1989ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૧ માહે : માર્ચ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**તંત્રી લેખ**

# ડોનાલ્ડ ટ્રમ્પ ઘર આંગણે ઘેરાયા

છેલ્લા કેટલાક દિવસોથી પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા સામસામે આવી ગયા છે. વિશ્વના ન્યૂઝ પેપર્સ આ ઘટનાને ત્રીજા વિશ્વયુદ્ધની આશંકા તરીકે જોઈ રહ્યા છે. ખાસ કરીને અમેરિકાના પ્રતિષ્ઠિત અખબારોમાં આ વિષય પર જે ચર્ચાઓ થઈ રહી છે, તે સૂચવે છે કે અમેરિકા અત્યારે એક અત્યંત નાજુક વળાંક પર ઊભું છે. એક તરફ ઈઝરાયેલ સાથેની તેની મિત્રતા છે અને બીજી તરફ ઈરાનનો વધતો જતો પ્રભાવ છે. અમેરિકન અખબારોનું વિશ્લેષણ આ તબક્કે સમજવા જેવું છે The New York Times ના તાજેતરના અહેવાલો મુજબ, અમેરિકા અત્યારે સીધું મોટા પાયા પરનુ યુદ્ધ ટાળવા માંગે છે. અખબાર લખે છે કે વ્હાઈટ હાઉસના વ્યુહરચનાકારો માને છે કે જો ઈરાન સાથે સીધું મોટુ યુદ્ધ શરૂ થશે, તો તેની અસર માત્ર બે દેશો પૂરતી મર્યાદિત નહીં રહે, પણ તે આખા વિશ્વના તેલના પુરવઠાને ખોરવી નાખશે. અમેરિકાની હાલની સ્થિતિ એવી છે કે તે ઈરાનને મજબૂત વળતો જવાબ આપવા માંગે છે, પરંતુ તે પ્રાદેશિક યુદ્ધમાં ફસાવા નથી માંગતું. બીજી તરફ, The Wall Street Journal તેના આર્થિક વિશ્લેષણમાં જણાવે છે કે અમેરિકામાં મોંઘવારી અને આગામી રાજકીય ગતિવિધિઓને જોતા, યુદ્ધ અમેરિકા માટે આર્થિક રીતે મોટું જોખમ સાબિત થઈ શકે છે. અમેરિકાના સંરક્ષણ નિષ્ણાતો માને છે કે ઈરાનની મિસાઈલ ક્ષમતા પહેલા કરતા ઘણી વધી ગઈ છે, જે મધ્ય પૂર્વમાં રહેલા અમેરિકન સૈન્ય મથકો માટે મોટો પડકાર છે.

અમેરિકાના અખબારોમાં એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે કે અમેરિકા અત્યારે 'ડિપ્લોમસી' એટલે કે કૂટનીતિનો સહારો લઈ રહ્યું છે. The Washington Pos ના એક લેખ મુજબ, અમેરિકા તેના યુરોપિયન અને આરબ મિત્ર દેશો પર દબાણ લાવી રહ્યું છે કે તેઓ ઈરાનને સમજાવે. અમેરિકાની હાલની રણનીતિ 'સંયમ સાથે શક્તિ' પ્રદર્શન કરવાની છે. અમેરિકાએ ભૂમધ્ય સમુદ્રમાં પોતાના યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે, જે ઈરાન માટે ચેતવણી સમાન છે, છતાં તે પહેલો હુમલો કરવાનું ટાળી રહ્યું છે.

અમેરિકા સામે સૌથી મોટો પડકાર ઈરાન દ્વારા સમર્થિત અન્ય જૂથો (જેમ કે હિઝબુલ્લાહ અને હુથી બળવાખોરો) છે. અમેરિકાના લશ્કરી વિશ્લેષકો ચેતવણી આપી રહ્યા છે કે જો ઈરાન પર હુમલો થશે, તો આ જૂથો આખા વિસ્તારમાં અમેરિકન હિતોને નુકસાન પહોંચાડશે. આ એક એવું યુદ્ધ હોઈ શકે છે જેનો કોઈ અંત નજીકના ભવિષ્યમાં દેખાતો નથી.

આ યુદ્ધની અસર ભારત પર પણ પડશે. જો ઓઈલના ભાવ વધશે, તો ભારતનું અર્થતંત્ર પ્રભાવિત થશે. અમેરિકા આ બાબતથી વાકેફ છે અને તેથી જ તે વૈશ્વિક બજારને સ્થિર રાખવા માટે યુદ્ધને લંબાવવા માંગતું નથી.

અંતે, અમેરિકાના મુખ્ય અખબારોનો સૂર એવો છે કે અમેરિકા અત્યારે 'વેઈટ એન્ડ વોચ' (રાહ જુઓ અને જુઓ) ની સ્થિતિમાં છે. તે ઈરાનની પરમાણુ ક્ષમતા અને લશ્કરી તાકાતને ઓછી આંકી રહ્યું નથી.

જોકે અમેરિકા વિશ્વની મહાસત્તા છે, પરંતુ ઈરાન સાથેનું યુદ્ધ તેના માટે આર્થિક અને લશ્કરી બંને રીતે મોંઘું સાબિત થઈ શકે છે. શાંતિ એ જ અત્યારે એકમાત્ર ઉકેલ દેખાય છે, પરંતુ યુદ્ધના વાદળો હજુ પણ ઘેરાયેલા છે.

## અમરેલીનું ગૌરવ : કમાણી સાયન્સ કોલેજના બે તેજસ્વી વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરની IIT JAM પરીક્ષામાં મેળવી સફળતા

અમરેલી, તા.૩૧



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત અમરેલીની કમાણી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠિત IIT JAM 2026 ની પરીક્ષા ગણિત વિષય સાથે પાસ કરીને કોલેજ અને અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે. કોલેજના B.Sc. સેમેસ્ટર-૬ માં અભ્યાસ કરતા બે તેજસ્વી વિદ્યાર્થીઓ, ધાધલ ઉર્વશી રણજીતભાઈ તથા ડાભી મહેશ હિમ્મતભાઈએ પોતાની સખત મહેનત અને પ્રોફેસરોના માર્ગદર્શન હેઠળ આ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. વિશેષ વાત એ છે કે આ બંને વિદ્યાર્થીઓ સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવે છે અને હવે તેઓ દેશની પ્રતિષ્ઠિત IIT (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી) જેવી સંસ્થાઓમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવી શકશે. આ રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ગણિત વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ક્રિષ્ના પુરોહિત તરફથી વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગણિત વિભાગના અધ્યક્ષ નીતાબેન રંગોલીયા તથા અધ્યાપક એસ. એમ. ભાવસાર દ્વારા પણ સતત પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

## ૧૦૮ના કર્મીઓએ દર્દીનો રોકડ કિંમતી માલસામાન પરત કર્યો

અમરેલી,તા.૩૧



ખાંભા-ઉના રોડ પર ચકરાવા ગામ નજીક બાઈક સ્લીપ થતાં સોહિલ ઈકબાલ શેખ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી જીતેશ કલસરિયા અને પાયલોટ જયદીપ રેણુકા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે પ્રાથમિક સારવાર આપી દર્દીને ખાંભાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હોસ્પિટલમાં દર્દીના કોઈ સગા હાજર ન હોવાથી ૧૦૮ ની ટીમે તેમની પાસે રહેલા અંદાજે રૂ.૩૦૮૦ રોકડા, એટીએમ અને ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ તેમજ બે કિંમતી મોબાઈલ ફોન સાચવી રાખ્યા હતા. બાદમાં આ તમામ કિંમતી સામાન પરિવારજનોને સહીસલામત પરત સોંપી પ્રામાણિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## અમરેલીમાં સાવરકુંડલામાં નવા માર્કેટિંગ યાર્ડ પાસે દેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

અમરેલી, તા.૩૧

અમરેલીમાં સાવરકુંડલા રોડ પર નવા માર્કેટિંગ યાર્ડ પાસે પોલીસ દ્વારા પ્રોહિબિશન રેડ દરમિયાન દેશી દારૂ ગાળવા અને તેની હેરાફેરી કરવાના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી એક આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો, જ્યારે અન્ય બે સાગરીતો ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, સાવરકુંડલા રોડ પર આવેલા નવા માર્કેટિંગ યાર્ડ પાસે રામકુભાઈ ઉર્ફે કાળો પાયાભાઈ પરમાર પોતાની મોટરસાયકલની ડેકીમાં ગેરકાયદેસર રીતે પાસ-પરમિટ વગર આશરે ૧૦ લિટર દેશી પીવાનો દારૂ રાખીને હેરાફેરી કરતા ઝડપાઈ ગયો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ દારૂ ગાળવાની પ્રક્રિયામાં તેની સાથે અન્ય લોકો પણ સામેલ હતા. પોલીસે સ્થળ પરથી દારૂ અને વાહન મળી કુલ રૂ.૨૧,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાં સાત સ્થળેથી ૧૧ લીટર દેશી દારૂ મળ્યો હતો. રાજુલા—ભાવનગર હાઈવે પરથી મહારાષ્ટ્રના દિલીપ રામચરણ વર્મા (ઉ.વ.૩૩)ની કારમાંથી દારૂની બોટલ મળી હતી.

## અમરેલી જિલ્લા સહકારી સંઘની કચેરી ખાતે પ્રધાનમંત્રીના 'મન કી બાત' કાર્યક્રમનું શ્રવણ

અમરેલી,તા.૩૧



અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૯ માર્ચ ૨૦૨૬ના રોજ સંઘની કચેરી ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના લોકપ્રિય 'મન કી બાત' કાર્યક્રમને જીવંત નિહાળવા માટે સહકારી અગ્રણીઓ, સંઘના ઉત્સાહી કર્મચારીઓ અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહિલાઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસારણ નિહાળીને તમામ ઉપસ્થિત લોકોએ પ્રધાનમંત્રીના વિચારોમાંથી અમૂલ્ય માર્ગદર્શન અને રાષ્ટ્રનિર્માણની પ્રેરણા મેળવી હતી. સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને સહકારની ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું.

## જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ઉલ્લંઘન કરતાં લોકો સામે કાર્યવાહી

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમલી બનાવાયેલા હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરનાર એક શખ્સ પોલીસની ઝપટે ચડી ગયો છે. જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશોનું ઉલ્લંઘન કરી લાકડાનો ધોકો રાખવા બદલ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિગતો મુજબ, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામાથી સમગ્ર જિલ્લામાં હથિયારબંધી લાગુ કરવામાં આવી છે. આ જાહેરનામું અમલમાં હોવા છતાં, આરોપી પોતાના કબજામાં એક લાકડાનો ધોકો (કિંમત રૂ. ૧૦/-) રાખીને મળી આવતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.પોલીસે પ્રોહિબિશન અને જાહેરનામા ભંગની કલમો હેઠળ ગુનો નોંધી, મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## બાબરાના નવાણીયા ગામે મેસેજ કરવા બાબતે જૂની અદાવતમાં મારામારી

બાબરા, તા.૩૧

બાબરા તાલુકાના નવાણીયા ગામે સોશિયલ મીડિયામાં મેસેજ કરવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ મામલે બંને પક્ષોએ સામ સામે ફરિયાદ નોંધાવી હતી. નિર્મળાબેન જયંતીભાઈ સોંધરવા (ઉ.વ.૪૦)એ ઉદય નરેશભાઈ સોંધરવા, નરેશભાઈ પ્રેમજીભાઈ સોંધરવા તથા પ્રભાબેન નરેશભાઈ સોંધરવા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના બહેનનો દીકરો જિજ્ઞેશ દિનેશભાઈ ચાવડા (રહે. સાણથલી, તા. જસદણ) અને તેમના દીકરા વચ્ચે અગાઉ મેસેજ કરવા બાબતે બોલાચાલી થઈ હતી. આ વિવાદનો સુખદ અંત લાવવા અને સમજાવટ માટે ફરિયાદીનો દીકરો વૈભવભાઈ જિજ્ઞેશ પાસે ગયો હતો. જોકે, આ બાબતનું મનદુઃખ રાખીને આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી તથા સાક્ષીઓ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. તકરાર દરમિયાન ત્રણેય આરોપીઓએ એકસંપ થઈને ફરિયાદી અને સાક્ષીઓને ઢીંકાપાટુંનો માર મારી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ઉદય નરેશભાઈ સોધરવા (ઉ.વ. ૨૧) એ જંયતીભાઈ પ્રેમજીભાઈ સોંધરવા, વૈભવભાઈ જયંતીભાઈ સોંધરવા તથા નિર્મળાબેન જંયતીભાઈ સોંધરવા સામે ફરિયાદ નોંધાવી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

## સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| રાજકોટ (શાકભાજી) | | | ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|---|---|---|
| કેરી કાચી | ૪૧૮ | ૮૧૦ | ટમેટા | ૨૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૪૨૬ | ૨૬૮૯ | મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| સાકરટેટી | ૧૫૯ | ૩૦૬ | ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| તરબુચ | ૧૫૯ | ૨૫૮ | કોબી | ૬૦ | ૨૦૦ |
| પપૈયા | ૬૦ | ૧૨૨ | દુધી | ૬૦ | ૨૪૦ |
| બટેટા | ૯૩ | ૨૫૬ | ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૫૨ | ૨૩૧ | કાકડી | ૮૦ | ૪૦૦ |
| ટમેટા | ૧૫૯ | ૩૨૬ | રીંગણા | ૪૦ | ૪૦૦ |
| સુરણ | ૮૨૧ | ૧૦૬૧ | ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૪ | ૩૧૬ | ગલકા | ૧૬૦ | ૬૦૦ |
| સકરીયા | ૨૧૯ | ૪૩૬ | ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| મુળા | ૩૩૨ | ૫૫૪ | ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૧૪ | ૩૩૬ | વાલ | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૬૧ | ૧૦૨ | વટાણા | ૧૮૦ | ૧૫૦૦ |
| ફ્લાવર | ૨૨૨ | ૩૪૮ | શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૪૪ | ૯૭૯ | કેરી કાચી | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૫૧૯ | ૧૦૨૩ | બટેટા | ૧૨૦ | ૨૪૦ |
| ચોળાસીંગ | ૬૦૩ | ૯૧૨ | ડુંગળી પુરા | ૫ | ૮ |
| વાલોળ | ૬૨૪ | ૮૦૭ | કોથમીર પુરા | ૪ | ૮ |
| ટીંડોળા | ૪૪૫ | ૧૦૨૧ | મૂળા પુરા | ૫ | ૧૦ |
| દુધી | ૧૬૯ | ૩૦૨ | ફોદીનો પુરા | ૧ | ૩ |
| કારેલા | ૪૨૨ | ૬૧૩ | આંબલી | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૨૨૮ | ૪૭૨ | પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૪૭૨ | ૭૦૭ | ગુંદા | ૬૮૦ | ૮૦૦ |
| પરવર | ૬૩૨ | ૧૦૨૪ | નારિયેળ | ૫૦૦ | ૭૦૦ |
| કાકડી | ૩૧૩ | ૫૦૫ | ઘીસોડા | ૧૮૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૫ | ૩૭૮ | લીંબુ | ૨૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૧૦૦૭ | ૧૪૧૩ | મેથી પુરા | ૧ | ૭ |
| ગલકા | ૪૧૮ | ૬૦૬ | બીટ પુરા | ૩ | ૬ |
| બીટ | ૮૧ | ૧૩૬ | સરગવો પુરા | ૫ | ૧૫ |
| મેથી | ૧૫૭ | ૨૪૯ | ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૭૭૮ | ૯૬૭ | કારેલા | ૧૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૯૧ | ૩૧૩ | વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૦૨૬ | ૧૨૦૮ | કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૪૧૮ | ૬૨૧ | આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| લસણ લીલું | ૮૨૭ | ૧૨૩૭ | મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| મકાઇ લીલી | ૧૨૧ | ૨૧૮ | લસણ પુરા | ૪ | ૫ |

## સાવરકુંડલા નગરપાલિકાની ચૂંટણીને લઈ કોંગ્રેસ દાવેદારો માટે સેન્સ પ્રક્રિયા યોજાઈ

અમરેલી,તા.૩૧



અમરેલી જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પક્ષ સંપૂર્ણપણે સક્રિય બન્યો છે. સાવરકુંડલા નગરપાલિકાની ચૂંટણીના સંદર્ભમાં આજે શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે દાવેદારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સીધા માર્ગદર્શન હેઠળ નગરપાલિકાના પ્રભારી અમિત લવતુકા દ્વારા આ સમગ્ર પ્રક્રિયા પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતના કાર્યાલય ખાતે સુચારુ રીતે યોજવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ રાજકીય પ્રક્રિયામાં પક્ષના મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકરો અને સ્થાનિક અગ્રણી આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અત્યાર સુધીમાં કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડવા માટે અંદાજે ૩૦ જેટલા સંભવિત ઉમેદવારોએ પોતાના ફોર્મ રજૂ કરી દીધા છે. હજુ પણ આ પ્રક્રિયા સાંજના ૪ વાગ્યા સુધી ચાલુ રહેવાની હોવાથી વધુ ફોર્મ આવે તેવી પૂરી સંભાવના પક્ષના સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. કોંગ્રેસે આ વખતે સ્થાનિક પ્રશ્નો જેવા કે ખરાબ રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા અને ટ્રાફિકની ગંભીર સમસ્યાઓને મુખ્ય મુદ્દા બનાવીને જનતા વચ્ચે જવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. પ્રભારી અમિત લવતુકાએ આ ચૂંટણીમાં પક્ષના ભવ્ય વિજય અંગે પૂરો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે.

## અમરેલી જિલ્લામાં વાહનની અવરજવરને લઈ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ

અમરેલી,તા.૩૧

સાવરકુંડલા શહેરમાં નાવલી ચોકથી રૂરલ પોલીસ સ્ટેશન સુધીના રસ્તા પરથી પસાર થતા તમામ વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવાના રહેશે કારણ કે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. ચલાલા તરફથી આવીને નાવલી ચોકથી રૂરલ પોલીસ સ્ટેશન જવા માટે તમામ વાહનોએ ગઢિયા પેટ્રોલ પંપ તથા કુદરતી ઉપચાર કેન્દ્રવાળા રસ્તેથી પસાર થવાનું રહેશે. તેમજ જેસર રોડ તરફથી આવતા વાહનોએ રૂરલ પોલીસ સ્ટેશનથી નાવલી ચોક જવા માટે પણ આ જ ગઢિયા પેટ્રોલ પંપ તથા કુદરતી ઉપચાર કેન્દ્રવાળા માર્ગનો ઉપયોગ કરવો પડશે. આ ઉપરાંત ચલાલા તરફથી આવતા અને મહુવા રોડ તરફ જતા વાહનોએ રિદ્ધિ-સિદ્ધિ ચોકથી મહુવા રોડ પરથી પસાર થવાનું રહેશે. બીજી તરફ દામનગરથી ભુરખીયા તરફ જતા રસ્તા પર ઓવરબ્રિજની કામગીરી ચાલતી હોવાને કારણે તમામ વાહન ચાલકો માટે વૈકલ્પિક રૂટ નક્કી કરાયો છે. લાઠી અને ભુરખીયા તરફથી આવતા વાહનોએ ગુરુકુળના આગળના ભાગેથી બજરંગ નગર થઈ છભાડીયા ફાટકથી વાયા અવેડા ચોક થઈ નગરપાલિકા મેઈન રોડ પરથી પસાર થવાનું રહેશે.

## અમરેલીમાં વ્યાજના ચુંગાલમાં ફસાયેલા લોકોને પોલીસનું માર્ગદર્શન

અમરેલી,તા.૩૧



અમરેલી શહેરમાં વ્યાજખોરોના વધી રહેલા અસહ્ય ત્રાસને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા જાગૃતિ અને માર્ગદર્શન પૂરૂં પાડવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી પોલીસ હેડક્વાર્ટર ખાતે યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં વ્યાજના ચુંગાલમાં ફસાયેલા અનેક લોકોએ હાજરી આપી હતી અને પોતાની ગંભીર સમસ્યાઓ તેમજ આપવીતી અધિકારીઓ સમક્ષ રજૂ કરી હતી. આ બેઠકમાં ખૂબ જ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા. વ્યાજખોરીના આ દૂષણના કારણે લોકો કેવી રીતે આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરે છે તે અંગે પીડિતોએ ખુલ્લેઆમ વાત કરી હતી. ઉપસ્થિત પોલીસ અધિકારીઓએ લોકોની તમામ સમસ્યાઓ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળી હતી અને તેમને કાયદાકીય રીતે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન પોલીસ અધિકારીઓ દ્વારા લોકોને સમજાવવામાં આવ્યું હતું કે અતિ ઊંચા વ્યાજદરના કારણે ઘણા પરિવારો મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાઈ જાય છે, તેથી આવા ગેરકાયદેસર વ્યાજચક્રથી હંમેશા દૂર રહેવું ખૂબ જ જરૂરી છે. અમરેલી સિટી પોલીસ ઈન્સ્પેક્ટર ડી. કે. વાઘેલાએ હાજર લોકોને સંબોધતા સ્પષ્ટ જણાવ્યું હતું કે જો કોઈ પણ વ્યક્તિ વ્યાજખોરોના ત્રાસમાં ફસાયો હોય તો તેમણે જરાય ડર્યા વગર તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો જોઈએ, કારણ કે પોલીસ તંત્ર આવા અસામાજિક તત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તાત્કાલિક નાણાકીય જરૂરિયાત માટે આવા ગેરકાયદેસર વ્યાજખોરો પાસે જવાની જગ્યાએ સરકારી બેંકો અથવા માન્ય નાણાકીય સંસ્થાઓમાંથી જ લોન લેવી જોઈએ કારણ કે તે વધુ સુરક્ષિત અને યોગ્ય વિકલ્પ છે.



06
લાગે તો તીર : - અચાનક અમથાલાલને જોઈને બેરાલાલને નવાઈ લાગી

# ભારતમાં એનર્જી લોકડાઉન જરૂરી




બ્રેકિંગ પોઈન્ટ



નેહા શર્મા

ભારતમાં એનર્જી લોકડાઉન આવશે ?

અમેરિકા-ઈઝરાયલે ઈરાન પર કરેલા આક્રમણના પગલે મિડલ ઈસ્ટમાં ભારે તણાવ છે. તેની સૌથી મોટી અસર ક્રુડ ઓઈલના પુરવઠા પર પડી છે કેમ કે મિડલ ઈસ્ટના દેશો દુનિયામાં સૌથી વધારે ક્રુડ ઉત્પાદન કરે છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેઈટ બંધ કરી દેતાં ક્રુડ ઓઈલ લઈને આવતાં જહાજો અટવાઈ ગયાં છે. તેના કારણે દુનિયાના ઘણા દેશોમાં પેટ્રોલ-ડીઝલની અછત પેદા થઈ ગઈ છે.

ભારતમાં નરેન્દ્ર મોદી સરકારે પેટ્રોલ-ડીઝલના સંગ્રહની પૂરતી વ્યવસ્થા કરી હોવાથી ભારતમાં સામાન્ય લોકોને પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ હજુ તો સરળતાથી મળે છે પણ ભારતના જ પાડોશી પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં તો પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસના વેચાણ અને વપરાશ પર નિયંત્રણો લાદવાં પડ્યાં છે.

યુદ્ધ લંબાય તો ભારતમાં પણ સ્થિતી ખરાબ થઈ શકે છે એવું આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે સંસદમાં સ્વીકાર્યું છે તેથી ભારતમાં પણ ફફડાટ છે જ અને ભારતમાં લોકડાઉન આવશે કે શું એવી ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.

લોકડાઉન શબ્દ સાથે જ કોને કોરોનાકાળની યાદ આવી જાય છે. કોરોના કાળ વખતે લોકડાઉન લાદીને લોકોએ ફરજિયાત ઘરમાં જ રહેવું પડે એવો નિર્ણય સરકારે લેવો પડેલો. અત્યારે એવી સ્થિતી નથી તેથી લોકડાઉનની શક્યતા નથી પણ એનર્જી લોકડાઉન ચોક્કસ આવી શકે છે. ઘણા દેશોએ પેટ્રોલ-ડીઝલ, ગેસ અને વીજળી બચાવવા માટે પ્રતિબંધો લાદ્યા છે ને ભારતમાં પણ એ પ્રકારનાં નિયંત્રણો કે પ્રતિબંધો આવી શકે છે.

એનર્જી લોકડાઉન આવે તો શું થાય તેની શક્યતાઓ ઘણી બધી છે. ટુ-વ્હીલર્સને મહિનામાં ૧૦ લિટર ને ફોર વ્હીલરને ૫૦ લિટર જ પેટ્રોલ મળે એવા નિયમો અમલી બની શકે છે. એકલી વ્યક્તિ કાર લઈને ના નિકળી શકે કે સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ પોતાનાં વાહનોને બદલે ફરજિયાત પબ્લિક ટ્રાન્સપોર્ટેશનમાં જ આવે એવો નિયમ પણ આવી શકે છે.

સરકારી વાહનોમાંથી ૫૦ ટકાને ગેરેજમાં મૂકીને ક્લાસ વન અધિકારી સિવાય કોઈ કાર ના વાપરી શકે ને મંત્રી પોતાના કાફલામાં પોતાના સિવાય એકથી વધારે કાર લઈને ના જઈ શકે એવો નિયમ પણ આવી શકે. દિવસમાં અમુક કલાક લાઈટ બંધ રહે કે ઉદ્યોગોને દિવસમાં અમુક કલાક વીજળી ના મળે એવો નિયમ પણ આવી શકે છે.

દુનિયાના સંખ્યાબંધ દેશોએ સમય વર્તીને આ નિયમો અમલી બનાવ્યા છે. ભારતને તો કરકસરની વધારે જરૂર હોવાથી ભારતમાં પણ આવા નિયમો આવી શકે છે.

■■■

દુનિયાએ ૧૯૭૦ના દાયકામાં બે વાર એનર્જી લોકડાઉન જોયું હતું.

અલબત્ત એ વખતે લોકડાઉન શબ્દ પ્રચલિત નહોતો તેથી એનર્જી લોકડાઉન શબ્દોનો પ્રયોગ નહોતો થયો પણ દુનિયાના તમામ વિકસિત દેશોમાં પેટ્રોલીયમ પેદાશોના ઉપયોગ પર નિયંત્રણો આવી ગયાં હતાં.

આ દાયકામાં દુનિયાએ સૌથી પહેલાં ૧૯૭૩માં યોમ કિપ્પુર યુધ્ધ એટલે કે આરબ વર્સીસ ઈઝરાયલ યુધ્ધના કારણે પહેલું એનર્જી લોકડાઉન જોયું. રમઝાન યુધ્ધ તરીકે પણ જાણીતું આ યુધ્ધ ૬ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબર ૧૯૭૩ દરમિયાન ઈઝરાયલ અને ઈજિપ્ત સીરિયાના લશ્કર વચ્ચે લડાયું હતું.

ઈજિપ્ત -સીરિયાના પડખે આરબ રાજ્યોનું ગઠબંધન હતું અને સાઉદી અરેબિયા, જોર્ડન, લિબિયા, ઈરાક, અલ્જીરિયા, કુવૈત, ટ્યુનિશિયા સહિતના દેશો આ ગઠબંધનમાં હતા. સામે ઈઝરાયલ એકલું હતું પણ અમેરિકાની મદદથી ઈઝરાયલે આરબોને હરાવી દીધા હતા.

બીજી વખત એનર્જી લોકડાઉન ૧૯૭૯માં ઈરાનમાં અમેરિકાના પીઠ્ઠુ શાહને હટાવીને શિયા કટ્ટરવાદીઓએ ક્રાંતિ કરી ત્યારે સર્જાઈ હતી. ઈરાનની અંધાધૂંધીના કારણે ક્રુડનો પુરવઠો ખોરવાતાં પેટ્રોલ-ડીઝલની અછત ઉભી થતાં નિયંત્રણો લાદવાં પડેલાં.

ભારતમાં એ વખતે ખાનગી વાહનો બહુ ઓછા પ્રમાણમાં હતાં તેથી ક્રુડની જરૂરીયાત સાવ ઓછી હતી. ભારતમાં સરકારી વાહનો મોટા ભાગે પેટ્રોલ-ડીઝલ વાપરતાં તેથી સત્તાવાર રીતે કોઈ જાહેરાત કર્યા વિના કરકસર કરીને કામ ચલાવી લેવાયેલું પણ અમેરિકા, યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, પશ્ચિમ યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં હાલત બગડી ગઈ. પેટ્રોલિયમની અછત ઉભી થતાં ભાવમાં જોરદાર વધારો થઈ ગયો હતો.

અમેરિકા અને યુરોપના દેશોમાં સ્થિતિ એકદમ બગડી જતાં પેટ્રોલનું રેશનિંગ કરવું પડ્યું હતું. લોકો મનફાવે એટલું પેટ્રોલ કે ડીઝલ ખરીદી શકતાં નહોતા. ગાડીઓની નંબર પ્લેટ જોઈને ઓડ-ઈવન મુજબ એક અઠવાડિયે ઓડ નંબરની કારોને ને બીજે અઠવાડિયે ઈવન નંબરની કારોને પેટ્રોલ કે ડીઝલ મળતું. ગેસ સ્ટેશન એટલે કે પેટ્રોલ પંપો પર કિલોમીટર લાંબી લાઈનો લાગતી હતી.

યુરોપિયન દેશોમાં રવિવારે ખાનગી ગાડીઓ ચલાવવા પર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. તેના કારણે રવિવારે રસ્તા સૂમસામ રહેતા. કામ હોય તો લોકો સાયકલ લઈને કે પગપાળા જતા. સરકારે ગાડીઓની સ્પીડ લિમિટ ઘટાડી દીધી હતી કે જેથી ઓછું ફ્યુઅલ વપરાય. ઓફિસોએ જવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટ ફરજિયાત કરી દેવાયું હતું. ટ્રાન્સપોર્ટેશન મોંઘું થતાં દુનિયાભરમાં મોંઘવારી વધી ગઈ હતી. એ પછી મોંઘવારી સતત વધતી જ રહી.

■■■

ભારતમાં એનર્જી લોકડાઉનની જરૂર છે ?

હા, ભારતમાં એનર્જી લોકડાઉનની જરૂર છે જ અને તકનો લાભ લઈને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે કામચલાઉ નહીં પણ કાયમી ધોરણે એનર્જી લોકડાઉનની લાદી દેવું જોઈએ. ઈરાન યુધ્ધના કારણે ક્રુડનો કકળાટ છે જ તેથી મોદી સરકાર માટે લોહા ગરમ હૈ, માર દો હથોડા જેવો ઘાટ છે. આ વાત કેટલાંકને આકરી લાગશે પણ એનર્જી લોકડાઉન દેશહિતમાં છે અને લાંબા ગાળે તેનો ફાયદો સામાન્ય લોકોને જ મળશે.

એનર્જી લોકડાઉનના કારણે સરકારના માથેથી ક્રુડ ઓઈલની આયાતનો જંગી બોજ પણ ઘટશે, પ્રદૂષણ ઘટશે તેથી લોકોનું સ્વાસ્થ્ય અને પર્યાવરણ પણ સુધરશે અને પ્રજાના પરસેવાની કમાણીથી ભરાતી સરકારી તિજોરીનાં નાણાં પણ બચશે. આ નાણાંનો ઉપયોગ વિકાસનાં કામો માટે કરી શકાશે તેથી દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બહેતર થશે અને લોકોની સવલતો વધશે તેથી દેશમાં સુખાકારી પણ વધશે.

ભારત પેટ્રોલ-ડીઝલ માટે બીજા દેશો પર નિર્ભર છે અને દેશની કરવેરાની કમાણીમાંથી મોટા ભાગની કમાણી ક્રુડ ઓઈલની આયાત પાછળ વપરાય છે. કમનસીબે દેશનાં લોકોને તેનું ભાન જ નથી તેથી પેટ્રોલ-ડીઝલના ધુમાડા કર્યા જ કરે છે. બિનજરૂરી કામો પાછળ કે ખાલી ખોટા આંટાફેરા પાછળ ભારતમાં જંગી પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ વપરાય છે. એનર્જી લોકડાઉન લાદીને પેટ્રોલ અને ડીઝલનું રેશનિંગ કરી દેવાય તો તેના પર કામ આવી જશે. જરૂર પૂરતું પેટ્રોલ કે ડીઝલ મળતું હશે તો લોકો કરકસરથી વાપરતાં થશે અને દેશને ફાયદો થશે.

■■■

મોદી સરકારે એક બીજો પણ નિયમ લાવવાની જરૂર છે.

સરકારી અને ખાનગી કંપનીઓએ પોતાના કર્મચારીઓ માટે ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા ફરજિયાત કરવી એવો નિયમ બનાવવો પડે. ઓફિસની શિફ્ટ પ્રમાણે, કંપની કે સરકારી બસ કંપનીના કર્મચારીઓને લઈ આવે અને શિફ્ટ પૂરી થાય પછી તેમને ઘરે મૂકી આવે.

અત્યારે દરેક કર્મચારી પોતાનું વાહન લઈને આવે છે તેના કારણે પેટ્રોલ કે ડીઝલનો જંગી પ્રમાણમાં ધુમાડો થાય છે એ આ નિયમના કારણે બંધ થઈ જશે. સાથે સાથે કર્મચારીની કાર્યક્ષમતા પણ વધશે કેમ કે પોતાનું વાહન નહીં હોય એટલે ઓફિસમાંથી કામની વચ્ચેથી ગુલ્લી નહીં મારી શકાય. સરકારી તંત્રમાં તો આ મોટી સમસ્યા છે એ જોતાં આ નિયમ અમલી બનાવી દેવો અત્યંત જરૂરી જ છે. કંપની અને સરકારી બંને બસો પણ ઈલેક્ટ્રિક રાખવી ફરજિયાત હોવી જોઈએ કે જેથી એ રીતે પણ પેટ્રોલ-ડીઝલની કરકસર થાય.

ભારતમાં એનર્જી લોકડાઉનની જરૂર સૌથી વધારે સરકારી તંત્રમાં છે. ભારતમાં પેટ્રોલ-ડીઝલનો સૌથી વધારે ધુમાડો સરકારી તંત્રની ગાડીઓ કરે છે. મંત્રીઓથી માંડીને પટાવાળા સુધીના બધા પ્રજાના પરસેવે જલસા કરે છે. તેના પર પણ નિયંત્રણ આવવું જોઈએ અને દરેક સરકારી વિભાગને દર મહિને ચોક્કસ પ્રમાણમાં જ પેટ્રોલ કે ડીઝલ મળે એવું કરવું જોઈએ. મંત્રીઓ સ્થળ પર જઈને લોકાર્પણ ના કરે પણ ડિજિટલી લોકાર્પણ કરે એવો નિયમ પણ બનાવી દેવો જોઈએ કે જેથી તેમના કાફલા પાછળનો ખર્ચ ઘટે. વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ સિવાય કોઈ ચાર્ટર્ડ પ્લેન લઈને ના ઉડી શકે એવો નિયમ પણ બનાવવો જોઈએ. ■

sanjogpurti@gmail.com

# એલેક્ઝાન્ડર ધ ગ્રેટ અને તેનો વફાદાર સાથી પેરિટાસ



ધીસ ઇઝ ઘેટ

નારન બારૈયા

વિશ્વ વિજેતા બનવાનું સપનું સેવનાર સિકંદર એટલે કે એલેક્ઝાન્ડર ધ ગ્રેટના જીવનના અનેક કિસ્સાઓ ઈતિહાસના પાને સુવર્ણ અક્ષરે લખાયેલા છે. તેની શૂરવીરતા અને યુધ્ધકૌશલ્ય વિશે તો આપણે ઘણું સાંભળ્યું છે, પરંતુ તેના જીવનમાં તેના અશ્વ બુસેફાલસ જેટલું જ મહત્વ તેના પ્રિય શ્વાન પેરિટાસનું પણ હતું. ઈતિહાસકારોના મતે પેરિટાસ માત્ર એક પાલતુ પ્રાણી નહોતું, પરંતુ એલેક્ઝાન્ડરનો અત્યંત વિશ્વાસુ રક્ષક અને સાથીદાર હતો. પેરિટાસ વિશે કહેવાય છે કે તે પ્રાચીન ગ્રીસની મોલોસિયન પ્રજાતિનો શ્વાન હતો, જે પોતાની વિરાટ કાયા અને અદભૂત તાકાત માટે જાણીતી હતી. એલેક્ઝાન્ડરને આ શ્વાન પ્રત્યે એટલો ઊંડો લગાવ હતો કે તે તેને પોતાની સાથે મોટાભાગના યુધ્ધ અભિયાનોમાં લઈ જતો હતો.

પેરિટાસની બહાદુરીના અનેક કિસ્સાઓ લોકકથાઓમાં વણાયેલા છે. એક પ્રચલિત વાર્તા મુજબ, જ્યારે એલેક્ઝાન્ડર એશિયાના અભિયાન પર હતો, ત્યારે એકવાર તેની સામે ભયાનક જંગલી હાથી અને સિંહ લાવવામાં આવ્યા હતા. પેરિટાસે અત્યંત નીડરતાથી તે જંગલી પ્રાણીઓનો સામનો કર્યો હતો, જે જોઈને એલેક્ઝાન્ડર પણ આશ્ચર્યચકિત થઈ ગયો હતો. પેરિટાસે ક્યારેય પણ પોતાના માલિકની રક્ષા કરવામાં પીછેહઠ કરી નહોતી. તેની વફાદારી એવી હતી કે એલેક્ઝાન્ડરના શિબિરની આસપાસ કોઈ પણ અજાણી વ્યક્તિની હિલચાલ થાય તો તે તુરંત સાવધ થઈ જતો. એલેક્ઝાન્ડર માટે પેરિટાસ માત્ર એક શિકારી કૂતરો નહોતો, પરંતુ એક એવો મિત્ર હતો જેની સાથે તે પોતાના એકાંતના સમયમાં આત્મીયતા અનુભવતો હતો.

ઈતિહાસમાં પેરિટાસના મૃત્યુ અંગે વિવિધ મતો પ્રવર્તે છે. કેટલાક માને છે કે ભારતીય અભિયાન દરમિયાન મલ્લીઓના કિલ્લા પરના હુમલા વખતે, જ્યારે એલેક્ઝાન્ડર ઘેરાઈ ગયો હતો અને ઘાયલ થયો હતો, ત્યારે પેરિટાસે દુશ્મનો પર હુમલો કરીને પોતાના માલિકનો જીવ બચાવ્યો હતો. આ સંઘર્ષમાં પેરિટાસ ગંભીર રીતે ઘાયલ થયો અને એલેક્ઝાન્ડરના ખોળામાં જ તેણે અંતિમ શ્વાસ લીધા. પોતાના વફાદાર સાથીના મૃત્યુથી એલેક્ઝાન્ડર અત્યંત શોકતુર થઈ ગયો હતો. જે રીતે તેણે પોતાના પ્રિય ઘોડા બુસેફાલસની યાદમાં 'બુસેફાલા' શહેર વસાવ્યું હતું, તેવી જ રીતે તેણે પોતાના આ વફાદાર શ્વાનની યાદમાં પણ ભારતની ઝેલમ નદીના કિનારે 'પેરિટાસ' નામનું એક શહેર વસાવ્યું હોવાનું મનાય છે.

એલેક્ઝાન્ડર અને પેરિટાસનો આ સંબંધ માનવી અને પ્રાણી વચ્ચેના અતૂટ પ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. તે સમયના મહાન દાર્શનિક એરિસ્ટોટલના શિષ્ય એવા એલેક્ઝાન્ડરે કદાચ પેરિટાસ પાસેથી જ નિઃસ્વાર્થ પ્રેમ અને વફાદારીના પાઠ શીખ્યા હશે. પેરિટાસનું શહેર આજે કદાચ નકશા પર ન મળે, પણ ઈતિહાસમાં તેની વફાદારીની સુવાસ આજે પણ અકબંધ છે. એક શક્તિશાળી સમ્રાટ જેણે અડધી દુનિયા જીતી લીધી હતી, તેનું હૃદય એક મૂંગા જીવ માટે આટલું સંવેદનશીલ હતું તે જાણીને આપણને એલેક્ઝાન્ડરના વ્યક્તિત્વના એક અલગ જ પાસાનો પરિચય થાય છે. પેરિટાસ માત્ર એક કૂતરો ન બની રહેતા, એક અમર ગાથા બની ગયો છે. ■

naranbaraiya277@gmail.com

# મહિલા સમગ્ર વિકાસનું કેન્દ્રબિંદુ છે : ડો. ભૂમિકા વસાવા...



સામાજિક અને શૈક્ષણિક



ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ભારતના બંધારણમાં સ્ત્રી અને પુરુષ બંને સમાન છે. એડિસને કહ્યું છે કે ‘‘ઈશ્વર બધી જગ્યાએ પહોંચી વળતો નથી ત્યારે તેને મા નું સર્જન કર્યું છે’’. ભરૂચ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં જન્મેલા ડો. ભૂમિકા વસાવાએ પારંભિક પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાં પ્રાપ્ત કર્યું. શિક્ષણ ક્ષેત્રે આગળ વધીને કોલેજના અધ્યાપિકા બનવાના ઉદ્દેશ થકી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં હિસ્ટ્રી વિષય સાથે સ્નાતક અને અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ મેળવ્યો. હોસ્ટેલમાં રહીને અભ્યાસ કર્યો. સૌમ્ય પ્રકૃતિ ધરાવતા ડો. ભૂમિકા એક આદર્શ વિદ્યાર્થીની તરીકે કોલેજના ગુરુજનોમાં આદર્શ પ્રીતિપાત્ર રહ્યા. લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરી સંદર્ભગ્રંથો થકી અભ્યાસુ વિદ્યાર્થીની બન્યા. એમ.ફીલમાં લઘુશોધ નિબંધનો વિષય સરદાર અને વીર નરીમાન એક અભ્યાસ પર ડો.વસંતભાઈ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ તૈયાર કરી ડિગ્રી મેળવી.ત્યારબાદ પ્રોફેસર ડો. જિગીષ પંડ્યા સાહેબના માર્ગદર્શન હેઠળ વિદ્યાવાચસ્પતિ (પી.એચ.ડી)ની ડીગ્રી પ્રાપ્ત કરી તેમનો વિષય "સરદાર પટેલનાં ભાષણો અને પત્રોમાં વ્યક્ત થતી સામાજિક નિસબત" થીસીસ તૈયાર કરીને ડિગ્રી મેળવી. અભ્યાસુ ચિંતક અને સંશોધન પ્રવૃત્તિ થકી કોલેજના અધ્યાપિકા બનવાનું સ્વપ્ન સતત સેવતા રહ્યા.

સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો ‘‘ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.’’ આફતને અવસરમાં રૂપાંતર કરવા માટે કઠોર પરિશ્રમ એજ પારસમણિ છે તે બાબતને કેન્દ્રસ્થાને રાખી.ડો.વસંત સર અને હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ પ્રોફેસર ડો. જીગીશ પંડ્યા સાહેબનું માર્ગદર્શન સતત પ્રાપ્ત થતું રહ્યું. ડો. ભૂમિકા વસાવા લક્ષને સિધ્ધ કરવા માટે સતત પ્રયાસશીલ રહ્યા. ઈતિહાસ પરિષદમાં અને આઈએસએસબીએનમાં પોતાના સંશોધિત સંશોધન કરેલા દસ પેપરો રજૂ કર્યા.પરિવાર તરફથી અદભુત સહકાર અને સ્નેહ મળ્યો. ત્રણ જેટલા પુસ્તકોમાં લેખક તરીકે પ્રદાન કરેલ છે.

હાલ તેઓ ૮૦/૦૮/૨૦૨૨ થી બોટાદમાં અંદર આવેલી વી.એમ. સાકરીયા મહિલા આર્ટસ કોલેજમાં ઈતિહાસ વિષયના લેક્ચરર તરીકે ફરજ બજાવી રહ્યા છે.ચક્રવર્તી રાજગોપાલાચાર્ય કહ્યું છે કે ‘‘શિક્ષણ એ ચેતનાની ખેતી છે’’ ડો. ભૂમિકા વસાવા વ્યવસાયને અનુરૂપ અસરકારક વર્ગ શિક્ષણ અને ઈતિહાસના વિષયને રોચક શૈલીમાં આજે ભણાવી રહ્યા છે. બાળકોમાં ઈતિહાસનું મૂલ્ય અને સંવર્ધન થાય તેવા પ્રયાસ કરી રહ્યા છે. મોટાભાગે યુપીએસસીની પરીક્ષામાં ઈતિહાસ અને ભૂગોળ લઈને આઈ.એ.એસ થતા હોય છે ત્યારે ઈતિહાસ વિષયનું ગૌરવ વધે તેવુ બોટાદની ધરતી પર કાર્ય કરી રહ્યા છે. મહિલા કોલેજ હોવાથી દીકરીઓના શિક્ષણના સંવર્ધન માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના બાળકો બોટાદની કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતક સુધી ખાસ દીકરીઓ ભણે તેઓ તેમનો આગ્રહ રહેલો છે. દીકરીઓના શિક્ષણ માટે કોલેજના પ્રિન્સિપાલ અને અન્ય સ્ટાફ મિત્રો પણ ખૂબ મહેનત કરે છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના શબ્દોમાં કહીએ તો ‘‘મને ભિક્ષામાં કન્યા કેળવણી આપો.’’ કન્યાઓના શિક્ષણ માટે બોટાદની આ કોલેજ ધૂણી ધખાવીને કર્મના સિધ્ધાંત પ્રમાણે કાર્ય કરે છે.

ડો. ભૂમિકા વસાવા એક આદર્શ અધ્યાપિકા, વિવેચક, ચિંતક અને ઈતિહાસના મૂર્ધન્ય સંશોધક પ્રવૃત્તિને ભરેલા લેક્ચરર છે.નારી સશક્તિકરણ એટલે મહિલાઓને શિક્ષણ, આર્થિક સ્વતંત્રતા, નિર્ણય લેવાની ક્ષમતા અને સામાજિક સમાનતા દ્વારા સક્ષમ બનાવી, સમાજમાં સન્માનજનક સ્થાન અપાવવાની પ્રક્રિયા. આનો મુખ્ય ઉદ્દેશ્ય સ્ત્રીઓને આત્મનિર્ભર બનાવી, તેમના હકો માટે જાગૃત કરવા અને પુરુષોની સમકક્ષ તકો પૂરી પાડવાનો છે. ઉપરોક્ત બાબતોને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય બોટાદની વી.એમ. સાકરીયા મહિલા આર્ટસ કોલેજ દ્વારા થઈ રહ્યું છે.એક માતા સો યુનિવર્સિટી ની ગરજ સારે તેમ એક મહિલા સમગ્ર કોલેજનું ગૌરવ વધારવા શૈક્ષણિક સાથે સંશોધનત્તમ પ્રવૃત્તિ કરીને ઈતિહાસ વિષયને બાળકો તરફ વાળવાનું અભિયાન ચલાવતા ડો. ભૂમિકા વસાવા શુભેચ્છાને પાત્ર છે. આપ અસરકારક અધ્યાપન કરી રહયા છો.બોટાદના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક રૂપ બનો તેવી શુભેચ્છા પાઠવુ છું. ■

Mo.9825702282

# બાળકોના શારીરિક વિકાસમાં રમતનું મહત્વ



બાળકોના સર્વાંગી વિકાસમાં રમતગમતએ માત્ર મનોરંજન નથી, પરંતુ તેમના શારીરિક અને માનસિક ઘડતરનો પાયો છે. ખાસ કરીને શારીરિક વિકાસ માટે રમતનું મહત્વ નીચે મુજબ છે:

૧. સ્નાયુઓ અને હાડકાંની મજબૂતી

જ્યારે બાળકો દોડાદોડી કરે, કૂદકા મારે કે પકડદાવ જેવી રમતો રમે છે, ત્યારે તેમના શરીરના સ્નાયુઓ ખેંચાય છે અને હાડકાં મજબૂત બને છે. આનાથી તેમની ઊંચાઈ અને શરીરના બંધારણમાં સકારાત્મક ફેરફાર જોવા મળે છે.

૨. રોગપ્રતિકારક શક્તિમાં વધારો

નિયમિત મેદાની રમતો રમવાથી શરીરમાં રક્ત પરિભ્રમણ (**Blood Circulation**) સુધરે છે. બહારની તાજી હવા અને સૂર્યપ્રકાશ (વિટામિન-ડી) મળવાથી બાળકની રોગપ્રતિકારક શક્તિ વધે છે, જેથી તેઓ વારંવાર બીમાર પડતા નથી.

૩. મોટર સ્કિલ્સનો વિકાસ (**Motro Skills**)

ગ્રોસ મોટર સ્કિલ્સ: દોડવું, ચઢવું કે સાઈકલ ચલાવવી જેવી રમતોથી શરીરનું સંતુલન જળવાય છે.

ફાઈન મોટર સ્કિલ્સ: કેરમ, ચેસ કે બ્લોક્સ ગોઠવવા જેવી રમતોથી આંખ અને હાથનું સંકલન (**Hand-eye corodination**) સુધરે છે.

૪. મેદસ્વીતા (**Obesity**) થી બચાવ

આજના ડિજિટલ યુગમાં બાળકો મોબાઈલ કે ટીવી સામે કલાકો વિતાવે છે, જેનાથી નાની ઉંમરે વજન વધવાની સમસ્યા થાય છે. રમતગમત દ્વારા વધારાની કેલરી બળે છે અને બાળક સ્ફૂર્તિલું રહે છે.

૫. ઊંઘ અને પાચનમાં સુધારો

શારીરિક મહેનત કરવાથી બાળકને સમયસર અને ગાઢ ઊંઘ આવે છે. સાથે જ, શારીરિક પ્રવૃત્તિને કારણે પાચનતંત્ર સક્રિય રહે છે અને ભૂખ પણ સારી લાગે છે, જે સારા સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે.

ચોક્કસ, બાળકની ઉંમર પ્રમાણે શારીરિક વિકાસ અને સ્ફૂર્તિ માટે નીચે મુજબની રમતો અને પ્રવૃત્તિઓ ખૂબ જ અસરકારક સાબિત થાય છે.

૧. ૩ થી ૫ વર્ષ (પૂર્વ-શાળાના બાળકો)

આ ઉંમરે સ્નાયુઓના લવચીકપણા અને શરીરના સંતુલન (**Balance**) પર ધ્યાન આપવું જોઈએ.

પ્રાણીઓની નકલ (**Animal Walks**): દેડકા કૂદકા (**Frog jump**), સિંહની જેમ ચાલવું કે પતંગિયાની જેમ પાંખો ફફડાવવી. આનાથી આખા શરીરની કસરત થાય છે.

બોલ ફેંકવો અને પકડવો: આ રમતથી હાથ અને આંખનું સંકલન (**Hand-eye corodination**) સુધરે છે.

સંગીત સાથે નૃત્ય (**Free Dance**): મનપસંદ ગીતો પર ડાન્સ કરવાથી હૃદયના ધબકારા વધે છે અને લોહીનું પરિભ્રમણ સુધરે છે.

૨. ૬ થી ૧૦ વર્ષ (પ્રાથમિક શાળાના બાળકો)

આ ઉંમરે બાળકોમાં સહનશક્તિ (**Endurance**) અને ટીમ વર્ક વિકસાવવાની જરૂર હોય છે.

દોરડા કૂદવા (**Skipping**): હાડકાની મજબૂતી અને ઊંચાઈ વધારવા માટે આ સર્વોત્તમ કસરત છે.

સાયકલિંગ: પગના સ્નાયુઓ મજબૂત કરવા અને ફેફસાંની ક્ષમતા વધારવા માટે શ્રેષ્ઠ છે.

દેશી રમતો: લંગડી, પકડદાવ, ખો-ખો અથવા સતોડિયું. આ રમતોમાં દોડવું અને અચાનક દિશા બદલવી પડે છે, જે સ્ફૂર્તિ વધારે છે.

તરવું (**Swimming**): જો સુવિધા હોય, તો સ્વિમિંગ એ આખા શરીર માટે સંપૂર્ણ કસરત છે.

૩. ૧૧ થી ૧૫ વર્ષ (કિશોરાવસ્થા)

આ ઉંમરે શારીરિક બાંધો મજબૂત કરવા અને માનસિક એકાગ્રતા વધારવા પર ભાર મૂકવો જોઈએ.

સ્પોર્ટ્સ (ફૂટબોલ, બેડમિન્ટન, ક્રિકેટ): આ રમતોથી કાર્ડિયો એક્સરસાઈઝ થાય છે અને સ્નાયુઓ ટોન થાય છે.

સૂર્ય નમસ્કાર: દરરોજ ૫ થી ૧૦ સૂર્ય નમસ્કાર કરવાથી શરીર લવચીક બને છે અને માનસિક શાંતિ મળે છે.

પ્લેન્ક (**Plank**) અથવા પુશ-અપ્સ: શરીરના ઉપરના ભાગ અને પેટના સ્નાયુઓને મજબૂત કરવા માટે. ■



વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

hemangidmehta@gmail.com

# અચાનક અમથાલાલને જોઈને બેરાલાલને નવાઈ લાગી



અભણ અમથાલાલ હમણાં દેખાણાં નહોતાં. અચાનક અમથાલાલને જોઈને બેરાલાલને નવાઈ લાગી.

"કેમ અમથાલાલ! હમણાં હમણાં દેખાં નોં 'તા દેતાં? કાંઈ મુસીબતમાં તો..."

"મુસીબતમાં તો હતાં જ ને. તમને નથી ખબર!?"

"ના રે ના. મને કોણ કહે? અને કહે તોય મને કેટલું 'ક હંભળાય !?? પણ, તમે જ કહો ને શું અગવડમા હતાં?"

"હમણાં જ બાબાનું બારમું ગયું ને ."

"રામ રામ રામ! આ બધું કયારે બન્યું? કેમ બન્યું? શા માટે બન્યું?? અને મને કે કોઈને બારમું વયુ ગ્યું તોય ખબર સુધ્ધા ના પડી!? ભગવાન એમનાં આ..."

બનેવીલાલે બેરાલાલને અટકાવતાં જ કહ્યું.

"હં..હં..હં..અ. બેરાલાલ ! પેલાં કાનમાં મશીન ભરાવો, અને પુરી વાત હાંભળો."

"ભલા માણસ! આયા ખરખરો કરવાની જરૂર છે. અને તમે હજી વાત હાંભળવાની વાત કરો છો?"

હવે બોસને વચ્ચે પડવું પડ્યું.

"બેરાલાલ તમે વાત તો પુરી હાંભળો. પછી તમારે જે કરવું હોય ઈ કરજો."

અમથાલાલની આંખે વગર કારણે ઝળઝળીયા તગતગી ગયાં.

"બેરાલાલ ! બાબાનું બારમું એટલે.. બારમું ધોરણ!!

તમે હમજો છો ઈ બારમું નઈ. અને આજકાલ બાબો કે બેબી, બારમું ધોરણ હોય એટલે આખાં ઘરની પરીક્ષા. ભલે પરીક્ષા ઈ આપે પણ, નિયમો આખાં ઘરને લાગું પડે."

"ઓય રે.. ભગવાન! ફુટયાં મારાં કાન હું તો કાંયનુ કાંય હમજી બેઠો.પણ સરવાળે ઘી ના ઠામમાં ઘી ઠલવાઈ ગયું એનો રાજીપો છે. અને હારુ થયું બનેવીલાલ કે ખરાં ટાઈમે મારો કાન આમળ્યો. નહીંતર હું તો.. પણ, બનેવીલાલ! તમે પે..લાં એક વાક્ય બોલતાં. અને એ વાક્ય તમારું 'તકિયા કલામ' ગણાતું. ઈ હવે ભૂલી ગયાં કે શું!??"

હસતાં હસતાં બનેવીલાલે કહ્યું.

"કયું વાક્ય? તમારે 'ય મારી ધાર કાઢવી લાગે છે."

"હા..હા.. બસ એ જ. "ધાર કાઢીને."

વાતાવરણ થોડું હળવું થયું. બેરાલાલ આજે આઈ. પી .એલ .ના મૂડમાં હતાં. એમને તો સટાસટી જ બોલાવવી હતી. એમણે વાતનો દોર ફરી હંભાળયો.

"તેં.. હેં..એ.. અમથાલાલ!! આ બાબાએ બારમાની પરીક્ષા આપી. હવે તમે આગળ કઈ લાયન લેહો."

"ઈ તો બાબો જ નક્કી કરશે ને !!"

"બાબાને હું ખબર પડે!? ઈ તો છોકરું ગણાય! લાયન તો એનાં વાલી જ નક્કી કરે ને !!"

"ભણવું છે કોને?"

"ઈ તો બાબો જ ભણશે ને !!"

"તો પછી.. લાયન કોને નક્કી કરવાની?"

"હંધાય તો વાલી જ નક્કી કરે છે."

"એટલે તો ન થાવાનું થાય છે."

"મને કાંઈ હમજણનો ટપ્પો ના પડ્યો. "બેરાલાલને માથું ખંજવાળવુ પડ્યું.

વળી બનેવીલાલે હમજણ પાડી.

"જો બેરાલાલ ! તમારે તમારાં છોકરાને ડોક્ટર બનાવવો છે. પણ છોકરાને ડોક્ટર નથી બનવું. એને આઈ. ટી. ક્ષેત્રમાં જાવું છે. તમે પરાણે ડોક્ટરી લાઈનમાં નાંખો તો શું થાય?"

"હા ,એ લ્ લા !!ઈ તો કોઈએ કોઈ 'દિ વિચાર્યું જ નહીં. પણ, આ તમે શું બોલ્યાં? કોની ટી...? ખેતલા આપાની? કે રજવાડી ની ટી ? થોડું થોડું અંગરેજી તો મનેય ફાવે હોં!! ટી એટલે ચા.!!"

"તમે ઊંધુ હમજયા બેરાલાલ. ચા વાળી ટી. નહીં. આઈ. ટી. આઈ. ટી. ક્ષેત્ર. જેમાં નવી દુનિયાનું હંધૂય આવી જાય. થઈ થાવાનું આવે. અને નો થાવાનું 'ય આવે. હતું એને નહોતું કરી દે અને નથી એને હતું કરી દે. તમારું કમ્પ્યુટર અટકીને ઉભું રહી જાય, એને ફરી વાર બગ હટાવીને શરું કરી દે એવી ટેકનોલોજી એટલે આઈ. ટી.ક્ષેત્ર."

અભણ અમથાલાલને એ જાણવું હતું કે બાબાને બારમાં પછી કઈ લાયન લેવી?

"બનેવીલાલ તમે ફરતિયાળ માણસ. તમને હંધીય ખબર હોય. તમે જ કહો બાબાને હવે કઈ લાયન લેવી?"

"આજકાલ હંધાય આઈ. ટી., આઈ. ટી.કરે છે. પણ, હમણાં હમણાં સોશિયલ મીડિયા ઉપર એક રસપ્રદ ચર્ચા ચાલે છે. આ ચર્ચા સાક્ષી નામની છોકરીએ શરું કરી છે. એક આઈ.ટી. ફ્રેશર છોકરો એક 'એન્ટર પ્રેન્યોર 'છોકરીને જોવાં આવે છે. શું.. શું.!?? આ વળી કઈ ડિગ્રી? કોઈ નવી ડિગ્રી આવી??"

"ના..આ..! 'એન્ટર પ્રેન્યોર' એટલે 'ઉદ્યોગ સાહસિક' અને હાવ દેશી ભાષામાં કહું તો.., ઘરની નોકરાણી. એક કમ્પ્યુટરમાં આવેલ બગને સાફ કરે. અને બીજી ઘરનાં બગને..!!"

"હા પણ !! એમાં થયું શું? એ તો કહો."

"છોકરાએ 'કામવાળી બાઈ' હાંભળીને મોઢું મચકોડયું."

છોકરીએ કહ્યું. "તમારો પગાર કેટલો!?"

છોકરાએ કહ્યુ "૩0000/- નો મહિનો."

"મતલબ વાર્ષિક પેકેજ ૩,૬0,000/- એમ ને..!!?"

હવે છોકરીનાં ભવાં ખેંચાયા. "મારું વાર્ષિક પેકેજ છે. છ લાખ રૂપિયા!! મતલબ મહિના ના થયાં ૫0000/- હજાર. અમારું પ્રોફેશનલ નામ છે. 'હોમ કિલનર્સ ' " છોકરી વધુમાં બોલી

"હવે નક્કી કરો ડિગ્રીનુ મૂલ્ય વધારે? કે આવડતું??

આઈ.ટી.વાળાને કામ માટે દર દર ભટકવું પડે. અને અમારે કામ માટે સામેથી ફોન આવે."

છોકરો નીચી મુંડી કરી ગયો.

"હવે તમે જ કહો..! છોકરાએ શું કરવું જોઈએ !!??" ■



લાગે તો તીર..

કાળુભાઇ ભાડ

kalubhaibhad123@gmail.com

# લગ્ન સમારંભનું પ્રિ-પ્લાનિંગ







ઘરમાં લગ્ન આવે એટલે ઘણું બધું કામ રહે જ. યુવક-યુવતીના મા-બાપ હંમેશા એ વિચારીને ચિંતિત રહે જ કે લગ્નની તૈયારીમાં ક્યાંય કોઈ કમી ન રહી જાય. આવી બધી પરેશાનીઓથી બચવા માટે એ ખૂબ જરૂરી છે કે લગ્નની તમામ તૈયારી એક યોજનાબધ્ધ રીતે જ કરાય. આપના આ કાર્યને થોડું સરળ બનાવવાના ભાગરૂપે 'ગુજરાત ગાર્ડિયન' આપી રહ્યું છે... કેટલીક ઉપયોગી સૂચનાઓ...!

કોઈપણ પરિવારમાં દીકરી કે દીકરાના લગ્નનું આયોજન સૌથી યાદગાર અને ખુશીનો અવસર બની જાય છે. કેટલીકવાર ખૂબ જ ખર્ચ કરીને અને લગ્નમાં કેટલાય લોકોની મદદ લેવા છતાંય લગ્નમાં કંઈકને કંઈક ઉણપ કે પરેશાની આવે જ છે. આ બધી પરેશાનીઓથી બચવા માટે આપ ૬ મહિના પૂર્વે થી જ તેની તૈયારીઓ શરૂ કરી દો, જેથી આપનો આખો પરિવાર તણાવમુક્ત થઈને લગ્નની ખુશીઓનો આનંદ માણી શકે.

૬ માસ પૂર્વે:

સૌથી પહેલાં પરિવારના સભ્યો સાથે શાંતિથી બેસીને લગ્ન સહિત તેના પૂર્વે થનારા પ્રસંગો, રિવાજો... સાલ્લા, પીઠી, મહેંદી, ગીત-સંગીત, ગરબા વગેરેની તારીખ અને આયોજન નક્કી કરી લો.

આપના સગા-સંબંધીઓની યાદી બનાવો. જેમાં આપના સગા-સંબંધીઓ, આડોશી-પાડોશીઓ, પિતા-માતા પક્ષના સગા, સંતાનો અને ભાઈ-બહેનના ફ્રેન્ડસર્કલ, જોબ-શાળા-કોલેજના ફ્રેન્ડ સર્કલ્સ અને અન્ય તમામને લિસ્ટમાં આવરી લો. દરેકને નિમંત્રણ આપતા પૂર્વે લગ્ન અંગેની જાણ કરો.

બજેટ તૈયાર કરો. શક્ય હોય તો તેની એક અલગ જ ફાઈલ બનાવી લો અને ખર્ચની બધી જ વિગતો બનાવી લો. ખર્ચની બધી જ વિગતો એક ડાયરીમાં લખવાનું રાખો. જેથી આપને હિસાબ-કિતાબનો બધો જ ખ્યાલ રહે. તમે મોબાઈલમાં પણ આ ડેટા રાખી શકો.

લગ્ન સમારંભ માટે વેન્યુ (હોલ કે પાર્ટી પ્લોટ) ની તપાસ કરી પ્રથમથી જ બુક કરી દો.

જો આપની સોસાયટી, ફ્લેટ કે મહોલ્લામાં કોમન પ્લોટ કે મોટી લોન હોય તો લગ્ન અગાઉ કાર્યક્રમ ત્યાં જ કરી શકાય છે અને એ તમામ વિધિ ત્યાં જ કરી શકાય છે. જેથી લોન ભાડાના મોટા ખર્ચથી બચી શકાય અને બચત કરી શકાય. જોકે, આ માટે ડેકોરેશનવાળા સાથે પ્રથમથી જ આયોજન કરી લેવું.

લગ્નની વિધિ-વિધાન માટે તમારા જાણીતા ગોર-મહારાજને પણ નક્કી કરી લો.

૫ માસ પૂર્વે:

ડેકોરેટરને મળીને એ સુનિશ્ચિત કરી લો કે લગ્ન સ્થળની સજાવટ કેવી કરવાની છે, બજેટ પણ જાણી લો.

લગ્નના બે કે ત્રણ દિવસ પૂર્વે આવનારા આપના ઘરના મહેમાનોના આવાસ-નિવાસ-ભોજનની વ્યવસ્થા કરી રાખો.

મહેંદી, પીઠી, ગીત-સંગીત, ગરબા વગેરે પ્રોગ્રામ દરમિયાન રાખવામાં આવતા ચા-પાણી-કોલ્ડ્રિંક્સ-આઈસ્ક્રીમ-નાસ્તાનું મેનૂ પ્રથમથી જ નક્કી કરી લો.

ફ્લોરિસ્ટ સાથે વાત કરીને તેમને લગ્ન સ્થળ અને ઘર બતાવવાનું ફૂલ સજાવટનું પ્લાનિંગ કરી દો.

ફોટોગ્રાફર, વિડિયોગ્રાફર, બેન્ડ વાજા કે ડીજેના બુકિંગ પણ કરી લો. પણ એ પૂર્વે દરેકને મળીને ખર્ચ અંગે ચર્ચા કરી ફાઈનલ કરી લો.

યુવક કે યુવતીના આઉટફિટ્સની યાદી બનાવી અને તૈયારીઓ શરૂ કરી દો.

લગ્નને લગતી તમામ ખરીદીની ચીજ-વસ્તુઓનું લિસ્ટ બનાવીને તેની ખરીદી પણ શરૂ કરી દો. ■


જીવન તરંગ



જયસ્વી પટેલ

sanjogpurti@gmail.com

# મીઠી મીઠી કેરી!




એક મોટું ઘટાદાર આંબાનું ઝાડ હતું. ઉનાળાના દિવસો હતા. આખું ખેતર કેરીની મીઠી સુગંધથી મહેકી રહ્યું હતું. આ આંબાવાડીમાં ચિંટુ નામનો એક તોફાની વાંદરો રહેતો હતો. ચિંટુને કેરીઓ ખૂબ ભાવે, પણ એને મહેનત કરવી જરાય ગમે નહીં!

એક દિવસ ચિંટુએ આંબાની ટોચે એક મોટી, પીળી પાકેલી કેરી જોઈ. કેરી જોઈને ચિંટુના મોઢામાં પાણી આવી ગયું. તેણે વિચાર્યું, "આહા! આજે તો આ પાકી મીઠી કેરી ખાઈને જ જંપીશ."

ચિંટુએ કેરીને પકડવા જોરથી કૂદકો માર્યો, પણ કેરી તો બહુ જ ઊંચી હતી. ચિંટુ નીચે પડ્યો - ધબ્બ! તેની પૂંછડી આંબાની ડાળીમાં ભરાઈ ગઈ. ચિંટુ ઊંધો લટકી ગયો! આ જોઈને બાજુમાં બેઠેલા પોપટલાલ ખડખડાટ હસવા લાગ્યા.

પોપટલાલ બોલ્યો, "ચિંટુભાઈ, આ કેરી તો નસીબવાળાને જ મળે, તમારા જેવા ઠેકડા મારનારાને નહીં હોં!"

ચિંટુને ગુસ્સો આવ્યો. તેણે પોતાના દોસ્ત ગજ્જુ હાથીને બોલાવ્યો. ચિંટુ કહે, "ગજ્જુભાઈ, જરા આ ઝાડને જોરથી હલાવો ને! મારે પેલ્લી મીઠી મીઠી કેરી ખાવી છે."

ગજ્જુએ વિચાર્યું, "ચાલો, ચિંટુની મદદ કરું." ગજ્જુએ તો આંબાના થડને પકડીને જોરથી હલાવ્યું - હચક-મચક, હચક-મચક! કેરી તો ન પડી, પણ ઝાડ પર ઊંઘતો ભોલું રીંછ નીચે પડ્યો! ભોલું સીધો ગજ્જુની પીઠ પર પડ્યો. ગજ્જુ ગભરાઈને ભાગ્યો અને ચિંટુ ઝાડ પરથી નીચે ગબડ્યો. આખું દ્રશ્ય જોઈને આખી આંબાવાડીનાં બધાં પક્ષીઓ હસવા લાગ્યાં.

પણ ચિંટુ હિંમત હાર્યો નહીં. એને તો મીઠી મીઠી કેરી ખાવી જ હતી! છેવટે, ચિંટુને એક યુક્તિ સૂઝી! તેણે જોરથી ચીસ પાડી, "ઓ બાપ રે! વાઘ આવ્યો, ભાગો!" બધાં પ્રાણીઓ આમ-તેમ ભાગવા લાગ્યાં. ઝાડ પર બેઠેલા વાંદરાઓ પણ ડરીને કૂદવા લાગ્યા. ઝાડ એટલું બધું હલ્યું કે પેલી મીઠી મીઠી કેરી ટપાક દઈને નીચે પડી!

પણ કેરી સીધી ચિંટુના હાથમાં પડવાને બદલે એક ખાડામાં જઈને પડી. ચિંટુ દોડીને કેરી લેવા ગયો, પણ ત્યાં તો પહેલાંથી જ એક નાનકડી ખિસકોલી બેઠી હતી. ખિસકોલી કહે, "ચિંટુભાઈ, આ કેરી તો મારા ઘરે મહેમાન આવ્યા છે એમના માટે છે! તમને નહિ મળે હોં!"

ચિંટુ મોઢું બગાડીને બેસી ગયો. તેને લાગ્યું કે આજે કેરી નહીં મળે. પણ નાનકડી ખિસકોલી દયાળુ હતી. તેણે કેરીના કટકા કર્યા અને ચિંટુ, ગજ્જુ અને પોપટલાલ - બધાને વહેંચી આપી.

ચિંટુએ કેરીનું પહેલું બટકું ભર્યું અને બોલ્યો, "વાહ! કેરી તો ખાટી હોય કે મીઠી, પણ સાથે મળીને ખાવામાં જ મજા છે!" ચિંટુના આખા મોઢા પર કેરીનો રસ ચોંટી ગયો હતો. તે જોઈને ફરી બધાં હસી પડ્યાં. ■



રે વાર્તા!

મનીષ સુથાર

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "I. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# દુબઈ બંદર પર લાંગરેલા કુવૈતી ટેન્કર 'અલ સલામી' પર ડ્રોન હુમલો

દુબઈ, તા.૩૧

ખાડી દેશો પર ઈરાનના હુમલા સતત ચાલુ છે. તાજેતરમાં દુબઈ બંદર પર લાંગરેલા કુવૈતી ટેન્કર 'અલ સલામી' પર ડ્રોન અથવા સબમરીન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાના કારણે જહાજમાં આગ લાગી હતી અને તેના બાહ્ય ભાગને નુકસાન થયું હતું. જોકે, અગ્નિશામક ટીમોએ આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવી લીધો હતો. ટેન્કરમાં સવાર તમામ ૨૪ ક્રૂ સભ્યો સુરક્ષિત છે, પરંતુ આસપાસના દરિયામાં તેલ ઢોળાવાની આશંકા સેવાઈ રહી છે. આ જહાજ કુવૈત અને સાઉદી અરેબિયાથી આશરે ૨ મિલિયન બેરલ તેલ લઈને ચીન જઈ રહ્યું હતું. બીજી તરફ, અમેરિકી સૈન્યએ ઈરાનના ઈસ્ફહાન શહેરમાં આવેલા એક



મુખ્ય દારૂગોળા ડેપોને નિશાન બનાવીને ૨,૦૦૦ પાઉન્ડના બંકર-બસ્ટર બોમ્બથી હુમલો કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ વિસ્ફોટોનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. આ તણાવ વચ્ચે ઈરાને હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દીધી છે. જોકે, ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાને સોદાબાજી માટે તૈયારી દર્શાવી છે અને આદરના સંકેત તરીકે અમેરિકાને ૨૦ મોટા તેલના જહાજો મોકલ્યા છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, ઈરાન હવે આ મુદ્દે શાંતિપૂર્ણ કરાર કરવા માટે તૈયાર હોય તેવું લાગી રહ્યું છે.

# રાજકોટના જંગલેશ્વરમાં ૪૦૦ કરોડની સરકારી જમીન પરથી દબાણ હટાવવાનો માર્ગ મોકળો

રાજકોટ, તા.૩૧

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં આશરે ૪૦૦ કરોડ રૂપિયાની સરકારી જમીન પરથી ગેરકાયદે કબજો હટાવવાનો માર્ગ હવે મોકળો બન્યો છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ૧,૩૫૮ મિલકત ધારકોને દબાણ દૂર કરવા માટે નોટિસ આપવામાં આવી હતી. આ નોટિસ સામે સ્થાનિકોએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા, જ્યાં તેમને



ત્રણ મહિનાનો મનાઈહુકમ મળ્યો હતો. ત્યારબાદ ૭૨૦ લોકોએ મહેસૂલ પંચમાં અપીલ કરી હતી, પરંતુ પંચે આ દલીલો ફગાવી દઈ સાત દિવસમાં જગ્યા ખાલી કરવાનો આદેશ આપ્યો છે. તંત્રની આ કડક કાર્યવાહીથી ત્યાં છેલ્લા ૫૦ વર્ષથી રહેતા આશરે ૧૮,૦૦૦ નાગરિકોમાં ભારે રોષ અને ચિંતા ફેલાઈ છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે રાજકીય દાવપેચના ભાગરૂપે આ જમીન ખાલી કરાવવામાં આવી રહી છે. જંગલેશ્વરની શેરી નંબર ૧ થી ૫૮ સહિત આસપાસની અનેક સોસાયટીઓને આ ખાલી કરાવવાની નોટિસની સીધી અસર થઈ છે. આ સરકારી જમીન ખુલ્લી થતાં જ હવે આજી નદીનો રિવરફ્રન્ટ બનાવવાની કામગીરી ઝડપથી વેગ પકડશે તેવું માનવામાં આવી રહ્યું છે.

# રુદ્રાક્ષની માળા વેચતી મોનાલીસા હવે કલમા વાંચે છે : પ્રવિણ તોગડીયા


ભોપાલ, તા.૩૧

મધ્યપ્રદેશમાં મોનાલિસા અને ફરમાનના લગ્નનો વિવાદ વધુ ઘેરો બન્યો છે. હિન્દુત્વવાદી નેતા પ્રવીણ તોગડિયાએ ભોપાલમાં જણાવ્યું કે, મોનાલિસા પહેલા રુદ્રાક્ષની માળા વેચતી હતી અને હવે કલમા પઢી રહી છે, જે તદ્દન ખોટું છે. ભૂતપૂર્વ મંત્રી ઉષા ઠાકુરે આ લગ્નને એક કાવતરું ગણાવ્યું છે. પરિવારનો આરોપ છે કે નકલી દસ્તાવેજોના આધારે તેમની સગીર પુત્રીને લલચાવીને આ પગલું ભરાવ્યું છે. ભાજપે આને રાષ્ટ્રીય ચિંતાનો વિષય ગણાવી કડક કાર્યવાહીની માંગ કરી છે. બીજી તરફ, કોંગ્રેસે પલટવાર કરતા કહ્યું કે ભાજપ સત્તામાં હોવાથી આની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. ધારાસભ્ય આરિફ મસૂદે ઉમેર્યું કે જો યુવતી પુખ્ત વયની હોય તો તેને પોતાની મરજીથી લગ્ન કરવાનો અધિકાર છે, પરંતુ છેતરપિંડી થઈ હોય તો કાયદાકીય તપાસ થવી જોઈએ.

# અમદાવાદના નારણપુરામાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટ, એક જ પરિવારના પાંચ સભ્યો ગંભીર રીતે દાઝયા

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં આવેલા ચામુંડાનગરમાં વહેલી સવારે એક ભયાનક ગેસ સિલિન્ડર બ્લાસ્ટની ઘટના સામે આવી છે. આ ગંભીર દુર્ઘટનામાં એક જ પરિવારના પાંચ સભ્યો ગંભીર રીતે દાઝી ગયા છે. તેઓને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં



આવ્યા છે. મળતી માહિતી મુજબ, આ ઘટનાની શરૂઆત ગેસ લીકેજથી થઈ હતી. સ્થાનિક લોકોએ ગેસ લીકેજની તીવ્ર ગંધ આવતાં જ ફાયર બ્રિગેડને આ અંગે જાણ કરી દીધી હતી. જોકે, ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે ઘરના મુખ્ય દરવાજા તૂટી પડ્યા હતા અને આસપાસના બે મકાનોના બારી-બારણાના કાચ પણ ફૂટી ગયા હતા. પ્રાથમિક તપાસ અનુસાર, ઘરમાં ગેસ ફેલાઈ ગયા બાદ કોઈ તણખલાના કારણે આ બ્લાસ્ટ થયો હતો.

# મધ્ય પૂર્વના તણાવ વચ્ચે અમેરિકામાં ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા

નવી દિલ્હી, તા.૩૧

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધતા અમેરિકામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે. વર્ષ ૨૦૨૨ પછી પહેલી વાર અમેરિકામાં ગેસોલિન (પેટ્રોલ)ની સરેરાશ કિંમત ૪ ડોલર પ્રતિ ગેલનને વટાવી ગઈ છે. ભારતીય ચલણ મુજબ તે આશરે ૯૯.૯૪ રૂપિયા પ્રતિ લિટર થાય છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલાના જવાબમાં ઈરાને હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી




દીધી છે. આ વ્યૂહાત્મક માર્ગ બંધ થવાથી વૈશ્વિક તેલ પુરવઠો ખોરવાયો છે. પરિણામે, ટ્રાન્સપોર્ટમાં વપરાતા ડીઝલનો ભાવ પણ વધીને આશરે ૫.૪૫ ડોલર પ્રતિ ગેલન (રૂપિયા ૧૩૫.૫૦ પ્રતિ લિટર) સુધી પહોંચી ગયો છે, જેનાથી મોંઘવારી વધવાની શક્યતા સેવાઈ રહી છે.

# ઈરાન સામે યુધ્ધ લડવા અમેરિકાને દરરોજ રૂ. ૮,૪૫૫ કરોડનો ખર્ચ

વોશિંગ્ટન, તા.૩૧

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના કારણે અમેરિકન અર્થતંત્ર પર મોટો આર્થિક બોજ આવી રહ્યો છે. એક તાજેતરના અહેવાલ મુજબ, અમેરિકા આ યુદ્ધમાં દર સેકન્ડે અંદાજે ૧૦,૩૦૦ ડોલર (આશરે ૯.૮ લાખ રૂપિયા) અને રોજના ૮,૪૫૫ કરોડ રૂપિયાનો ધુમાડો કરી રહ્યું છે. ૩૧ દિવસ ચાલેલા આ



યુદ્ધમાં અમેરિકન કરદાતાઓના આશરે ૨.૬૩ લાખ કરોડ રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે. આ જંગી ખર્ચમાં સૌથી મોટો હિસ્સો એટલે કે ૩૬ ટકા દારૂગોળો અને મિસાઈલો પાછળ વપરાય છે. આ ઉપરાંત ફાઈટર જેટ્સ, નેવીના જહાજો અને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ પાછળ પણ કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે. આ આર્થિક બોજને હળવો કરવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે આરબ દેશો પાસે આર્થિક મદદની અપેક્ષા રાખી રહ્યા છે. જોકે, ઈરાને કોઈ પણ પ્રકારની મંત્રણા માટે શરત મૂકી છે કે અમેરિકાએ યુદ્ધથી થયેલા નુકસાનનું વળતર ચૂકવવું પડશે અને સાથે જ તેણે અમેરિકી સૈન્ય મથકો પર હુમલા પણ તેજ કર્યા છે.

# દેશમાંથી નક્સલવાદનો ટૂંક સમયમાં જ અંત આવશે : ગૃહમંત્રી અમિત શાહ

નવી દિલ્હી, તા.૩૧

ગૃહમંત્રી અમિત શાહે દાવો કર્યો છે કે નિર્ધારિત લક્ષ્ય મુજબ ટૂંક સમયમાં જ દેશમાંથી નક્સલવાદનો સંપૂર્ણ સફાયો થઈ જશે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર નક્સલવાદ વિરુદ્ધ કડક અને નરમ એમ બંને પ્રકારની નીતિ અપનાવી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૪,૮૩૯ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, ૨,૨૧૮ની



ધરપકડ થઈ છે અને ૭૦૬ નક્સલીઓ માર્યા ગયા છે. સરકારે આ વિસ્તારોમાં માત્ર સુરક્ષા જ નહીં પરંતુ હોસ્પિટલ, શાળાઓ, રસ્તા અને મોબાઈલ ટાવર જેવી પાયાની સુવિધાઓ આપીને વિકાસ પર પણ વિશેષ ભાર મૂક્યો છે. આદિવાસી વિસ્તારોમાં બેંકિંગ સેવાઓ અને એકલવ્ય શાળાઓ શરૂ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અને મનરેગા જેવી સરકારી યોજનાઓનો લાભ હવે સીધો ગરીબો સુધી પહોંચી રહ્યો છે. આ જ કારણ છે કે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં હવે હિંસા ઘટી છે અને સાચી લોકશાહી પાછી ફરી છે. લોકો હવે ડર્યા વગર મોટી સંખ્યામાં મતદાન કરવા માટે બહાર આવી રહ્યા છે.

# કોડીનારની દીકરીઓએ વુશુ સ્પર્ધામાં વિરોધીઓને પછાડી મેળવ્યો પ્રથમ ક્રમ

કોડીનાર, તા.૩૧

કોડીનાર નગર પાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ રમતગમત ક્ષેત્રે રાજ્ય કક્ષાએ ડંકો વગાડી શાળા અને સમગ્ર તાલુકાનું નામ રોશન કર્યું છે. આણંદ મુકામે યોજાયેલ રાજ્ય કક્ષાની અંડર-૧૭ વુશુ સ્પર્ધામાં શાળાની બે તેજસ્વી દીકરીઓએ પોતાની શ્રેષ્ઠ રમત બતાવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સ્પર્ધામાં



મોરી શ્રીબેન કિરીટભાઈએ ૬૫ કિલો વજન કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. તે જ રીતે, ગોસ્વામી અક્ષરાબેને અંડર-૧૭ વુશુ સ્પર્ધાની ૫૬ કિલો વજન કેટેગરીમાં પ્રતિસ્પર્ધીઓને મ્હાત આપી પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.

# 'સિંઘમ' અધિકારીની બદલી સામે સુલતાનપુર પંથકમાં ઉગ્ર જનાક્રોશ : ગામ સજ્જડ બંધ

ગોંડલ, તા.૩૧

રાજકોટના સુલતાનપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એ. ખાચરની અચાનક થયેલી બદલીના વિરોધમાં સમગ્ર પંથકમાં ભારે રોષ ફેલાયો છે. માત્ર ૧૧ મહિનાના ટૂંકા ગાળામાં કાયદો અને વ્યવસ્થા સુધારનારા આ પ્રામાણિક અધિકારીની બદલી રદ કરાવવા ૨૬ ગામોના સરપંચો અને ગ્રામજનો એકજૂથ થયા છે. આ લોકપ્રિય અધિકારીના સમર્થનમાં



સુલતાનપુર ગામે સ્વૈચ્છિક સજ્જડ બંધ પાળ્યો હતો અને બજારો સંપૂર્ણ બંધ રહ્યા હતા. સ્થાનિક આગેવાનો અને સરપંચોના જણાવ્યા અનુસાર, તેમના કાર્યકાળમાં અસામાજિક તત્વો પર કડક લગામ આવી છે.

# ઉના તાલુકાના નાથળ ગામની સીમમાંથી એસઓજીએ ગાંજાનું વાવેતર ઝડપ્યું

ઉના,તા.૩૧

ગીર સોમનાથ એસઓજી શાખાએ એક મોટી સફળતા મેળવીને ઉના તાલુકાના નાથળ ગામની સીમમાંથી ગેરકાયદેસર ગાંજાના વાવેતરનો પર્દાફાશ કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે ઈન્ચાર્જ પી.આઈ. ડી.એમ. કાગડા અને તેમની ટીમે વિનુ ભીખાભાઈ બાંભણીયા નામના ખેડૂતના ખેતરમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન બાજરી અને મકાઈના પાકની વચ્ચે છુપાવીને વાવેલા ગાંજાના આશરે ૪૦ જેટલા લીલા છોડ મળી



તસવીર : કૈલાશ ભટ્ટ

આવ્યા હતા. પોલીસે આ સ્થળ પરથી આશરે પાંચ કિલોથી વધુ વજનનો ગાંજો જપ્ત કર્યો છે, જેની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૨,૭૯,૫૦૦ જેટલી આંકવામાં આવી છે.

# ધોરાજીના ગેલેક્સી ચોકમાં આખલાઓના યુધ્ધથી નગરજનોમાં ભય સાથે નાસભાગ

ધોરાજી, તા.૩૧

ધોરાજી શહેરમાં રખડતા આખલાઓ, પશુઓ અને કૂતરાઓના વધતા ત્રાસથી નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગતરોજ શહેરના મુખ્ય ગણાતા ગેલેક્સી ચોક, ત્રણ દરવાજા, ગાંધી ચોક અને જેતપુર રોડ જેવા ભરચક વિસ્તારોમાં આખલાઓ વચ્ચે ભીષણ યુદ્ધ સર્જાયું હતું. આ આખલા યુદ્ધને કારણે રસ્તા પર પસાર થતા લોકોમાં ભારે ભયનો માહોલ ફેલાયો હતો અને નાસભાગ



તસવીર : નયન કુહાડીયા

મચી ગઈ હતી. આ અફરાતફરી દરમિયાન આખલાઓએ એક સાયકલ ચાલક અને બાઈક સવારને હડફેટે લેતા તેમને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. રખડતા પશુઓ અને શ્વાનોને નાથવામાં ધોરાજી નગરપાલિકા તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું હોવાનું સામે આવ્યું છે. પાલિકા પાસે આવા પશુઓને પૂરવા માટે જરૂરી માળખાગત સુવિધાઓનો અભાવ હોવાથી લોકો લાચારી અનુભવી રહ્યા છે. તંત્રની આ ઘોર બેદરકારી અને યોગ્ય આયોજનના અભાવે અવારનવાર સર્જાતી આવી દુર્ઘટનાઓને પગલે સ્થાનિક રહીશોમાં પાલિકા શાસકો સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. બીજી તરફ, નગરપાલિકા દ્વારા હાલ ઉપલેટા રોડ પર નવા પશુવાડાનું નિર્માણ કરવામાં આવી રહ્યું હોવાની જાણકારી મળી છે. સ્થાનિકો આશા સેવી રહ્યા છે કે આ પશુવાડો તૈયાર થયા બાદ શહેરને રખડતા ઢોરની વર્ષો જૂની અને ગંભીર સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે.

# સુરતમાં સિવિલ ડીફેન્સના વોર્ડન અને સ્વયંસેવકોનો પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૩૧

અમદાવાદની સિવિલ ડીફેન્સ ટ્રેનિંગ સ્કૂલ (CDTS) દ્વારા સિવિલ ડીફેન્સ, સુરતના વોર્ડન તથા સ્વયંસેવકો માટે પાંચ દિવસીય "ક્ષમતા નિર્માણ" તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન સુરતની SVNITમાં કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કુલ ૩૦૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમ સુરતના અનુભવી માસ્ટર ટ્રેનર્સ તથા નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ



ફોર્સ (NDRF) દ્વારા પ્રશિક્ષિત ટ્રેનર્સ ઓફ ટ્રેનર્સ (ToT) દ્વારા આપવામાં આવ્યો હતો. આ તાલીમ દરમિયાન માનવસર્જિત તેમજ કુદરતી આપત્તિ અને કટોકટીની પરિસ્થિતિઓમાં નાગરિકોની સલામતી અને બચાવ માટે જરૂરી વિવિધ મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમમાં ખાસ કરીને સર્ચ અને રેસ્ક્યુ કામગીરી, ફાયર ફાઈટિંગ ટેકનિક્સ, પ્રાથમિક સારવાર (First Aid), દોરડા અને ગાંઠોના વિવિધ પ્રકારો તેમજ સિવિલ ડિફેન્સની ભૂમિકા અને જવાબદારીઓ અંગે વિસ્તૃત માહિતી અને પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા તાલીમાર્થીઓમાં આપત્તિ સમયે ઝડપી પ્રતિસાદ આપવાની ક્ષમતા, આત્મવિશ્વાસ અને ટીમ વર્કના ગુણોનો વિકાસ થયો છે, જે ભવિષ્યમાં નાગરિક સુરક્ષા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

**રાજ્યના સાણંદમાં કેન્સ સેમિકોન પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતા વડાપ્રધાન**

# વોટબેન્ક અને પરિવાર આધારિત વ્યવસ્થાઓ અમે નાબૂદ કરી : પીએમ મોદી

ગાંધીનગર, તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાવીર જયંતિ નિમિત્તે આયોજિત 'ભારત વિરાસત મહોત્સવ' કાર્યક્રમ દરમિયાન ગાંધીનગરમાં કોબા તીર્થ ખાતે 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નું ભવ્ય ઉદ્ઘાટન કર્યું હતું. આ ગરિમાપૂર્ણ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મ્યુઝિયમના ઉદ્ઘાટન બાદ જનસભાને સંબોધતા પ્રધાનમંત્રીએ જૈન ધર્મની અહિંસાની પરંપરા અને ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાન પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનની શરૂઆતમાં દેશવાસીઓને ભગવાન મહાવીરની જન્મ જયંતિની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે, "ભગવાન મહાવીરની જન્મ જયંતિના પવિત્ર અવસરે જૈન તીર્થમાં આવવાનો મને લ્હાવો મળ્યો છે. મહારાજના સ્વપ્ને અહીં જ્ઞાનનું એક અદ્ભુત કેન્દ્ર સ્થાપ્યું છે અને કોબા જૈન સ્થળની ઊર્જા ખરેખર અલૌકિક છે." તેમણે ઉમેર્યું કે વર્ષોથી કોબા તીર્થમાં ગહન અધ્યયન અને સાધના થતી આવી છે. જૈન ધર્મની હજારો વર્ષો જૂની વિરાસત અહીં એક જ સ્થળે એકત્ર થઈ છે. જ્ઞાનને નવી પેઢી સુધી પહોંચાડવા માટે આ કેન્દ્રમાં આધુનિક ઈનોવેશન અપનાવવામાં આવી રહ્યું છે, જે




પ્રશંસનીય છે. આ જૈન મ્યુઝિયમ વાસ્તવમાં જ્ઞાનનો એક મહાકુંભ છે. સમ્રાટ સંપ્રતિને યાદ કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે તેઓ માત્ર એક શાસક નહોતા પરંતુ માનવતાના સાચા આદર્શ હતા. દુનિયાના ઘણા શાસકોએ સત્તા માટે પોતાના આદર્શો અને મૂલ્યોને બાજુ પર મૂકી દીધા હતા અને હિંસાનો માર્ગ અપનાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદમાં કેન્સ સેમિકોન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાને મજબૂત બનાવવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. દેશમાં આ પ્રકારનો આ બીજો પ્લાન્ટ છે. પોતાના સંબોધનમાં વડાપ્રધાને જણાવ્યું કે, સાણંદ અને સિલિકોન વેલી વચ્ચે હવે એક નવો સેતુ સ્થપાયો છે. અહીં ઉત્પાદિત થનારી ચિપ્સનો મોટો ભાગ નિકાસ માટે અગાઉથી જ બુક થઈ ચૂક્યો છે, જે 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'ના મંત્રને સાર્થક કરશે. તેમણે ઉમેર્યું કે કેન્સ જેવી ભારતીય કંપનીઓ હવે વૈશ્વિક સપ્લાય ચેઈનનો મજબૂત હિસ્સો બની ગઈ છે. સેમિકન્ડક્ટર મિશન હેઠળ દેશના છ રાજ્યોમાં ૧.૬૦ લાખ કરોડ રૂપિયાના ખર્ચે ૧૦ મોટા પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ પ્લાન્ટ રેકોર્ડબ્રેક ૧૪ મહિનામાં જ તૈયાર થઈ ગયો છે. સરકારનું લક્ષ્ય આ વર્ષના અંત સુધીમાં આવા કુલ ચાર પ્લાન્ટ કાર્યરત કરવાનું છે, જેનાથી ભારત આ ક્ષેત્રમાં ગ્લોબલ હબ બનશે. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે આ મ્યુઝિયમમાં ૨,૦૦૦ થી વધુ પ્રાચીન કલાકૃતિઓ પ્રદર્શિત કરાશે. જે આપણી સંસ્કૃતિનું જતન કરશે.

## યાર્ડ બંધ રહેતાં અને મધ્યપૂર્વમાં યુધ્ધના કારણે સીંગતેલ-કપાસિયા તેલ મોંઘા થયા

અમદાવાદ, તા. ૩૧

મધ્યપૂર્વમાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ તેમજ માર્ચ એન્ડિંગના કારણે યાર્ડ બંધ રહેતાં ગુજરાતમાં સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ફરી વધારો થયો છે. સીંગતેલના ડબ્બામાં રૂ.૧૦ અને કપાસિયા તેલમાં રૂ.૨૦નો વધારો ઝીંકાયો છે.

આ સાથે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ રૂ.૨૫૨૦થી વધીને રૂ.૨૫૪૦ અને સીંગતેલનો ભાવ રૂ.૩૦૦૫થી વધીને રૂ.૩૦૧૫ થયો છે. માર્ચ એન્ડિંગના લીધે યાર્ડ બંધ હોવાથી કાચા માલની અછત સર્જાઈ છે.


બજારના સૂત્રોના જણાવ્યા મુજબ, જો યુદ્ધની સ્થિતિ વણસેલી રહેશે તો આગામી દિવસોમાં હજુ પણ ભાવ વધી શકે છે. પરિણામે ગૃહિણીઓનું બજેટ ખોરવાશે અને આમ ફરસાણના શોખીન ગુજરાતીઓએ મોંઘા ફરસાણનો સામનો કરવો પડે તેમ મનાય છે.

## સુરતના લિંબાયતમાં મકાનમાં ભીષણ આગ લાગતા ચાર મહિલા સહિત પાંચનાં મોત

સુરત, તા. ૩૧

સુરતના લિંબાયત વિસ્તારમાં આવેલી મીઠી ખાડી નજીક એક મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દૂર્ઘટનામાં ચાર મહિલા અને એક માસૂમ બાળક સહિત કુલ ૫ લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મીઠી ખાડીની બેઠી કોલોનીમાં આવેલા ગ્રાઉન્ડ પ્લસ બે માળના મકાનમાં



શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આ મકાનમાં આઠ ટનથી વધુ સાડીઓ અને કેમિકલ ફોમનો જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહ કરાયેલો હતો. જ્વલનશીલ સામગ્રીના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ઘરમાં રાખેલો ગેસ સિલિન્ડર પણ બ્લાસ્ટ થયો હતો. આગ અને ધુમાડાના કારણે ગૂંગળામણ (સફોકેશન) થતાં ઘરમાં ફસાયેલા પાંચેય લોકો બહાર નીકળી શક્યા નહોતા.

ફાયર વિભાગે તમામને બહાર કાઢીને સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમણે દમ તોડી દીધો હતો. આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહેલા કેટલાક સ્થાનિક લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે.

## અમદાવાદ એરપોર્ટ પર મહિલા મુસાફર પાસેથી સોનાની દાણચોરી ઝડપાઈ

અમદાવાદ, તા. ૩૧

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરીનું સોનું પકડાવાનો સિલસિલો યથાવત્ છે. આજે વહેલી સવારે મલેશિયાના કુઆલાલમ્પુરથી આવેલી એક ફ્લાઈટની મહિલા મુસાફરની શંકાસ્પદ હિલચાલ જોઈને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ તેની તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન અત્યંત જોખમી પદ્ધતિનો પર્દાફાશ થયો હતો. મહિલાએ સોનાની પેસ્ટ બનાવી, તેને કેપ્સ્યુલ્સમાં ભરીને પોતાના શરીરમાં છુપાવી રાખી હતી. કસ્ટમ્સ અધિકારીઓએ આ કેપ્સ્યુલ્સ કબજે કરીને તેમાંથી રૂ.૮૩ લાખથી વધુની કિંમતનું ૫૫૩.૦૭ ગ્રામ (૨૪ કેરેટ) સોનું જપ્ત કર્યું છે.

કસ્ટમ્સ વિભાગે મહિલા વિરુદ્ધ કસ્ટમ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આ સોનું ક્યાં અને કોને પહોંચાડવાનું હતું તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

## મહેસાણાના બહુચરાજી નજીક આઈસરે ૮ પદયાત્રીઓને કચડ્યા, બેનાં કમકમાટીભર્યા મોત

મહેસાણા, તા. ૩૧

મહેસાણાના બહુચરાજી નજીક આવેલા નવા દેલવાડા પાસે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બહુચરાજી મંદિરે પૂનમના મેળામાં પગપાળા જઈ રહેલા સિદ્ધપુરના ધનાવાડા ગામના પદયાત્રીઓના સંઘને એક બેફામ આઈસર ટ્રક ચાલકે હડફેટે લીધો હતો. આ કાળમુખી આઈસરે




આઠ પદયાત્રીઓને કચડી નાખ્યા હતા, જેમાં બે લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. જ્યારે પાંચથી વધુ પદયાત્રીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જાતાં જ સમગ્ર વિસ્તારમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક મદદે દોડી આવી હતી. સમયસર મળેલી પ્રાથમિક સારવારના લીધે અન્ય ઈજાગ્રસ્તોના જીવ બચી શક્યા છે. વર્ષોથી નિયમિત રીતે જતા આ સંઘમાં આવી કરુણ ઘટના પહેલીવાર બની હોવાથી માહોલ અત્યંત ગમગીન બન્યો હતો.

## રાજસ્થાન-ગુજરાત બોર્ડર પર છાપરી ચેકપોસ્ટ પરથી ૨૦ કિલો ચરસ ઝડપાયું, ત્રણ શખ્સની ધરપકડ

પાલનપુર, તા. ૩૧

રાજસ્થાન-ગુજરાત બોર્ડર પર અંબાજી નજીક આવેલી છાપરી ચેકપોસ્ટ પરથી પોલીસે લક્ઝરી કારમાંથી અંદાજે ૨૦.૪૦ કિલોગ્રામ ચરસનો જથ્થો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની કિંમત કરોડો રૂપિયા હોવાનું માનવામાં આવે છે. આબુ રોડ રિકો પોલીસ સ્ટેશનની ટીમ જ્યારે વાહન ચેકિંગ કરી રહી




હતી, ત્યારે ઉત્તર પ્રદેશ પાસિંગની કારમાંથી આ નશીલો પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે કારમાં સવાર ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલા ત્રણેય આરોપીઓ ઉત્તર પ્રદેશના કાનપુરના રહેવાસી છે. તેઓ આ કરોડોની કિંમતનું ચરસ કાનપુરથી લાવીને બનાસકાંઠાના પાલનપુરમાં ડિલિવરી કરવા જઈ રહ્યા હતા. જોકે, ગુજરાતમાં પ્રવેશતા પહેલાં જ રાજસ્થાન પોલીસે બાતમી અને સતર્કતાના આધારે આ કાર્યવાહી કરી હતી. સિરોહીના પોલીસ વડા પુષ્પેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું છે કે, માદક પદાર્થો વિરુદ્ધ ચાલતા અભિયાન હેઠળ આ મોટી સફળતા મળી છે.

## બિહારમાં ઉંદરો દારૂ પીવે છે અને ગુજરાતમાં ડ્રગ્સ ખાય છે: કોંગ્રેસ નેતા કનૈયા કુમાર

અમદાવાદ, તા. ૩૧

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં રાજકારણ ગરમાયું છે. સંવિધાન સંકલ્પ સભા માટે અમદાવાદ આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા કનૈયા કુમારે ગુજરાતમાં કથિત રીતે ઉંદરો દ્વારા ડ્રગ્સ ખાઈ જવાના મુદ્દે આકરા પ્રહારો કર્યા છે. કનૈયા કુમારે કટાક્ષ કરતાં કહ્યું કે, બિહારમાં ઉંદરો દારૂ પીવે છે અને ગુજરાતમાં ડ્રગ્સ ખાય છે. ગુજરાતમાં લાંબા સમયથી ભાજપનું શાસન હોવા છતાં કુપોષણ અને બેરોજગારી જેવા પ્રશ્નો યથાવત્ છે. તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જઈને ધારાસભ્ય અને મંત્રી બની જાય છે. હાલમાં ભાજપના મોટાભાગના ધારાસભ્યો અને મંત્રીઓ મૂળ કોંગ્રેસી છે. નોંધનીય છે કે, કેગ (CAG)ના અહેવાલમાં જપ્ત કરાયેલા ડ્રગ્સમાંથી ૨૩૩૨ કિલો



જથ્થો ગાયબ હોવા પાછળ ઉંદરો ખાઈ ગયાનો જવાબ સામે આવ્યો હતો.

## ભાવનગરમાં પ્રેમલગ્નની અદાવતમાં હત્યા: યુવતીના પિતાએ આપી હતી સોપારી

ભાવનગર, તા. ૩૧

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના વાળુકડ ગામે પ્રેમલગ્નની દાઝ રાખીને રવિ ઉર્ફે લાલા રબારી નામના યુવકની છરીના ઘા ઝીંકી જાહેરમાં કરપીણ હત્યા કરવામાં આવી છે. મૃતક યુવકે વર્ષ-૨૦૨૩માં પોતાના સમાજની યુવતી સાથે કોર્ટ મેરેજ કર્યા હતા, જેનાથી યુવતીનો પિતા મુન્ના પ્રફુલ બલિયા નારાજ હતો.

લગ્નની કંકોત્રીનું સ્ટેટસ જોઈને પિતાએ હત્યાનો પ્લાન ઘડ્યો હતો. વાળુકડ બસ સ્ટેન્ડ પાસે ત્રણ શખ્સોએ રવિને આંતરીને જીવલેણ હુમલો કર્યો હતો. પોલીસે આ મામલે હરેશ આલ, કિશોર ચૌહાણ અને રોહિત નામના શખ્સોની ધરપકડ કરી લીધી છે. જોકે, આ સમગ્ર કાવતરાનો મુખ્ય સૂત્રધાર અને યુવતીનો પિતા મુન્ના પ્રફુલ હજુ પણ પોલીસ પકડથી બહાર છે.

## ગાંધીભૂમિ પોરબંદરમાં લીકર પરમિટની મંજૂરી અપાતાં ભારે વિવાદ: બાપુના પ્રપૌત્રએ ઉઠાવ્યા સવાલો

પોરબંદર, તા. ૩૧

મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરમાં લિકર શોપ (દારૂની દુકાન) શરૂ કરવા માટે ગુજરાત સરકારની સલાહકાર સમિતિએ પરવાનગી આપી દીધી છે. ગૃહ વિભાગે હોટેલ લોર્ડ્સને આ મંજૂરી આપી છે, જેના કારણે હવે ૧૫૦૦ જેટલા સ્થાનિક પરમિટ ધારકોએ દારૂ ખરીદવા માટે અન્ય જિલ્લાઓમાં જવું નહીં



પડે. સરકારના આ નિર્ણયથી ગાંધીવાદી વિચારધારા ધરાવતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પૂજ્ય બાપુના પ્રપૌત્ર તુષાર ગાંધીએ આ નિર્ણયની આકરી ટીકા કરતાં સરકાર સામે વેધક સવાલ કર્યો છે કે જો દારૂની લત આટલી જ વધી ગઈ હોય, તો આખા ગુજરાતમાં દારૂબંધીનું નાટક શું કામ કરવામાં આવે છે? બીજી તરફ, સ્થાનિક ગાંધી અનુયાયીઓ અને કોંગ્રેસે પણ આ નિર્ણયને બાપુના આદર્શોનું અપમાન ગણાવ્યું છે.







